**આજનો સુવિચાર**

સારૂ પરિણામ મેળવવા માટે વાતોથી નહીં, પણ રાતોથી લડવુ પડે છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૧૮ જૂનાગઢ તા.૨૯-૦૮-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 218, Junagadh : Date : 29 August, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ગુજરાતમાં મેઘતાંડવથી સાર્વત્રિક તારાજી : ૩૫ના મોત : કરોડોનું નુકશાન







## અતિ ભારે વરસાદથી રોડ રસ્તા ધોવાઈ ગયા - ઉભા પાકનો નાશ - ઘરવખરીને ભારે નુકશાન
## રેલ્વે, એસટી, ખાનગી વાહન વ્યવહાર ઠપ્પ - શાકભાજી અનાજનો પુરવઠો ખોરવાઈ ગયો

ગાંધીનગર,તા.૨૯

ગુજરાતમાં છેલ્લા ચાર દિવસથી સર્જાયેલા મેઘતાંડવે સાર્વત્રીક તારાજી સર્જી છે કૃષિક્ષેત્રથી માંડીને રોડ રસ્તાનુ ધોવાણ થયુ છે.સંખ્યાબંધ ટ્રેનો રદ કરવામાં આવી છે. ૫૦૦૦૦ થી વધુ લોકોનું સ્થળાંતર કરાવાયુ હતું. જયારે ૪૦૦૦ થી વધુનું રેસ્કયુ કરવામાં આવ્યું હતું. વિજળી સહીતની સરકારી સેવાઓ વેરવિખેર બની હતી. હજારો વૃક્ષ ધરાશાયી થયા હતા અને સેંકડો વિજ થાંભલાઓ પડી ગયા હતા. ચાર દિવસનો વરસાદથી મૃત્યુંઆંક ૩૫ પર પહોંચ્યો છે.

ગુજરાત પર એક સાથે ત્રણ સીસ્ટમ સક્રીય થઈ જવાના પ્રભાવ હેઠળ સવારથી શરૂ થયેલી મેઘસવારી સતત ચાલુ જ રહી હતી. સળંગ ૯૬ કલાકનાં વરસાદથી મેઘતાંડવનુ સ્વરૂપ સર્જાયુ હતું. ઠેકઠેકાણે પૂર જેવી હાલતથી રાહત-બચાવ કામગીરી માટે સ્થાનિક તંત્ર ઉપરાંત એસડીઆરએફ-એનડીઆરએફ તેમજ સૈન્યની ટીમોને પણ તૈનાત કરવામાં આવી હતી. એરફોર્સ તથા કોસ્ટગાર્ડ દ્વારા પણ ફસાયેલા સંખ્યાબંધ લોકોને એરલીફટ કરીને ઉગારી લીધા હતાં.

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલા અનરાધાર વરસાદને કારણે દક્ષિણ - મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર - કચ્છમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. 'આફતના વરસાદ'ને કારણે રાજ્યમાં ઉભા પાક, પાવર સપ્લાય નેટવર્ક, જીલ્લા અને રાજ્ય હાઈવે, સરકારી અને ખાનગી સંપતિઓને કરોડોનું નુકસાન થયું છે. સૌરાષ્ટ્રના અનેક વિસ્તારો તથા વડોદરામાં અનેક વિસ્તારો - સોસાયટીઓ બેટમાં ફેરવાઈ જતાં લોકોની ઘરવખરી, અનાજ, કઠોળ, ઈલેકટ્રોનિક ઉપકરણો સહિતની વસ્તુઓ બગડી ગઈ છે. ઘરોમાં કાદવ - કિચડ ભરાઈ જવાથી લોકોને ભારે હાલાકી પડી રહી છે. પૂરપ્રકોપમાં ૩૫ માનવ જિંદગી હોમાઈ છે એટલું જ નહિ અનેક લોકો લાપત્તા છે, મોટા પ્રમાણમાં પશુધન પણ તણાઈ જતાં માલધારીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે, ગુજરાતમાં સપ્લાઈ ચેઈન તૂટી ગઈ છે કારણ કે અનેક જિલ્લાઓના ૫૨૩ માર્ગો બંધ કરી દેવાયા છે તેવામાં શાકભાજી - દૂધની અનેક જગ્યાએ તંગી શરૂ થવા પામી છે. ટ્રેનો રદ કરવામાં આવી છે. એસટીના અનેક રૂટ બંધ કરી દેવાયા છે.

છેલ્લા ઘણા દાયકાઓથી વિવિધ સરકારો દ્વારા પૂર નિયંત્રણને લગતી ઘણી યોજનાઓ અને દાવાઓ કાગળ પર રજૂ કરવામાં આવે છે, પરંતુ જમીન પર લોકોને તેનો બહુ ફાયદો થતો જણાતો નથી. આખરે એવું શું કારણ છે કે તમામ સંસાધનો હોવા છતાં દેશના મોટા ભાગના રાજયો દર વર્ષે પૂરને કારણે સર્જાતી તબાહીનો સામનો કરવા મજબૂર બને છે

રાજ્યમાં જળપ્રલયની સ્થિતિ સર્જાતા ખેતરોમાં પાણી ભરાઈ જતા તલ શાકભાજીના પાક તથા બાગાયતી પાકો તબાહ થઈ ગયા છે. ખેડૂતોને મોટું નુકસાન થયું છે. હવે થોડા સમય પછી નુકસાનીનો સર્વે હાથ ધરાશે.

## ૧૭૦૦૦ સરકારી નોકરીઓ માટે અધધ ૩૦ લાખ અરજીઓ આવી

નવી દિલ્હી,તા. ૨૯:

દેશમાં મોટા પ્રમાણમાં પ્રાઈવેટ નોકરીઓ અને કરિયર ઓપ્શન હોવા છતાં યુવાનોને સરકારી નોકરીનો કેટલો ક્રેઝ છે તેનો આ વાત પરથી અંદાજ લગાવી શકાય છે કે, માત્ર ૧૭ હજાર પોસ્ટ માટે ૩૦ લાખ અરજીઓ આવી છે. આ નોકરીઓ સ્ટાફ સિલેકશન કમિશનની છે. તમને જણાવી દઈએ કે, સમયાંતરે કમ્બાઈન્ડ ગ્રેજયુએટ લેવલ એક્ઝામિનેશન સ્ટાફ સિલેક્શન કમિશન દ્વારા લેવામાં આવે છે. અને આ પરીક્ષા દ્વારા ભારત સરકારના ટોચના મંત્રાલયો, વિભાગો અને સંગઠનોમાં વિવિધ પદો માટે ગ્રુપ B અને C અધિકારીઓની ભરતી કરવામાં આવે છે. અને તેની પરીક્ષા ટૂંક સમયમાં યોજાવાની છે. સ્ટાફ સિલેક્શન કમિશન દ્વારા કુલ ૧૭૭૨૭ જગ્યાઓ માટે ભરતી બહાર પાડવામાં આવી છે. SSC CGL ટિયર વન પરીક્ષા માટે દેશભરમાંથી ૩૦ લાખ અરજીઓ આવી છે.

## ચંપઈ સોરેને જેએમએમમાંથી રાજીનામું આપ્યું : આવતીકાલે ભાજપમાં જોડાશે

રાંચી તા.૨૯

ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી ચંપાઈ સોરેને બુધવારે મોડી સાંજે ૨૮ ઓગસ્ટે ઝારખંડ મુક્તિ મોરચા (JMM) ના પ્રાથમિક સભ્યપદમાંથી રાજીનામું આપ્યું હતું. તેમણે કહ્યું, 'અમે જે પણ નિર્ણય લીધો છે, તે ઝારખંડના હિતમાં લીધો છે. અમે સંઘર્ષ કરનાર લોકો છીએ, અમે પાછળ હટીશું નહીં. ચંપઈ સોરેને કહ્યું, 'અમે ૩૦ ઓગસ્ટે ભાજપમાં જોડાઈશું. પાર્ટી અમને જે પણ જવાબદારી આપશે અમે તે પ્રમાણે કામ કરીશું. ઝારખંડમાં વિકાસની સાથે સાથે અમે આદિવાસીઓના અસ્તિત્વને બચાવવા માટે પણ પગલાં લઈશું.વિધાનસભામાં વિપક્ષના નેતા અમર કુમાર બૌરીએ કહ્યું, 'તે એક મોટો ચહેરો છે અને વરિષ્ઠ નેતા પણ છે. ભાજપમાં જોડાવાથી અમને મજબૂત સહયોગી મળશે અને અમે ભાજપના નેતૃત્વમાં ઝારખંડની પ્રગતિ કરીશું.

## જમ્મુ-કાશ્મીરમાં એન્કાઉન્ટર 3 આતંકવાદી ઠાર મરાયા

શ્રીનગર તા.૨૯:

જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં સેના અને પોલીસે સંયુક્ત રીતે ઘૂસણખોરી વિરોધી ઓપરેશન શરૂ કર્યું છે. આજે જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લામાં નિયંત્રણ રેખા પર બે ઓપરેશનમાં ત્રણ ઘૂસણખોરો માર્યા ગયા છે. એક આતંકવાદી તંગધારમાં માર્યા ગયાની શક્યતા છે, જ્યારે અન્ય બે મચ્છલ જિલ્લામાં છે. ૨૯ ઓગસ્ટે અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઓપરેશનમાં ત્રણ આતંકવાદીઓ માર્યા જવાની આશંકા છે. આ ઓપરેશન ૨૮-૨૯ ઓગસ્ટની મધ્યરાત્રિએ તંગધાર વિસ્તારમાં શરૂ કરવામાં આવ્યું હતું. ભારતીય સેનાને બાતમી મળી હતી કે આતંકવાદીઓ ઘુસણખોરી કરવાની યોજના બનાવી રહ્યા છે.

## રાજયમાં આવતીકાલથી મેઘરાજા ખમૈયા કરશે : રાહતના સમાચાર

રાજકોટ, તા.૨૯

સૌરાષ્ટ્ર-ગુજરાતને સતત ચાર દિવસથી ધમરોળ્યા બાદ હવે આવતીકાલ શુક્રવારથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં મેઘરાજા રાહત આપશે તેવા સંકેત હવામાન વિભાગનાં સુત્રોએ આપેલા છે. જોકે હજુ આજરોજ ગુરૂવારે પણ સૌરાષ્ટ્રનાં અમુક ભાગોમાં મેઘરાજાની સટાસટી યથાવત રહેશે. રાજય હવામાન વિભાગનાં સતાવાર સુત્રોનાં જણાવ્યા મુજબ બંગાળની ખાડીની સિસ્ટમ હાલ નલિયાનાં અરબી સમુદ્રમાં સક્રિય છે. જેના કારણે છેલ્લા બે દિવસથી સૌરાષ્ટ્રમાં તેજ પવન સાથે ભારે વરસાદ પડી રહ્યો છે. અને આ સિસ્ટમનાં કારણે હજુ આવતા ૨૪ કલાક સુધી કચ્છ, દ્વારકા, પોરબંદર, જામનગર, મોરબી અને માળીયા વિસ્તારમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શકયતા છે અને આવતીકાલ શુક્રવારથી સૌરાષ્ટ્ર-કચ્છનાં મોટા ભાગનાં વિસ્તારોમાં મેઘરાજા રાહત આપશે અને માત્ર છુટોછવાયો હળવોથી મધ્યમ વરસાદ પડશે તેવું રાજય હવામાન વિભાગ જણાવે છે.

## બળાત્કારીઓ સામે મમતા બેનર્જી એકશન મોડમાં : ફાંસીની સજાની જોગવાઈ કરતો નવો કાયદો લાવશે

કોલકાતા તા.૨૯ :

બંગાળ સરકાર ૧૦ દિવસની અંદર બળાત્કારના દોષિતોને ફાંસીની સજા માટે વિધાનસભામાં બિલ રજૂ કરશે. રાજયના મુખ્યમંત્રી મમતા બેનરજીએ બુધવારે તૃણમૂલ વિદ્યાર્થી પરિષદના સ્થાપના દિવસે આ અંગેની જાહેરાત કરી હતી કે ટૂંક સમયમાં જ બંગાળ વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવીને આ બિલ પસાર કરવામાં આવશે. સંશોધિત બિલ ૩ સપ્ટેમ્બરે વિધાનસભામાં રજૂ કરવામાં આવશે.

મુખ્યમંત્રીની જાહેરાતના થોડા કલાકો બાદ સાંજે રાજય સચિવાલય ખાતે રાજય મંત્રીમંડળની બેઠક મળી હતી અને વિધાનસભાનું વિશેષ સત્ર યોજવા મંજૂરી આપવામાં આવી હતી. બેઠક બાદ રાજયના સંસદીય કાર્યમંત્રી શોભનદેવ ચટ્ટોપાધ્યાયે પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે 'વિધાનસભાનું બે દિવસીય વિશેષ સત્ર બીજી અને ત્રીજી સપ્ટેમ્બરે બોલાવવામાં આવશે.' આ ઉપરાંત તેમણે કહ્યું કે 'દુષ્કર્મીઓને તાત્કાલિક ફાંસી આપવા માટે ત્રીજી સપ્ટેમ્બરે એક સંશોધિત બિલ રજૂ કરવામાં આવશે.'

બિલ પાસ થયા બાદ તે જ દિવસે તેને મંજૂરી માટે રાજભવન મોકલવામાં આવશે. એ જ દિવસે મમતા બેનરજીએ હતું કે 'જો રાજયપાલ આ બિલને મંજૂરી આપવામાં વિલંબ કરશે તો હું રાજભવનની બહાર ધરણા પર બેસી જઈશ.'

## યુવતિઓની લગ્નની વય ન્યુનતમ ૨૧ વર્ષ કરનાર હિમાચલ પ્રદેશ દેશનું પ્રથમ રાજય બન્યું

સિમલા,તા.૨૯

દિકરીઓના લગ્નની વયને લઈને હિમાચલ પ્રદેશે નવી પહેલ કરી છે. દીકરીના લગ્નની લઘુતમ વય ૨૧ વર્ષ કરનાર હિમાચલ પ્રદેશ દેશનું પ્રથમ રાજય બનશે. રાજયની તમામ દીકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવીને કેરિયર બનાવી શકે એટલા માટે રાજયની કોંગ્રેસ સરકારે મોટો નિર્ણય લીધો છે.

બાલવિવાહ પ્રતિષેધ (હિમાચલ પ્રદેશ સંશોધન) વિધેયક મંગળવારે વિધાનસભામાં પસાર કરાયું હતું. આ વિધેયક કોઈપણ ચર્ચા વિના પસાર થયું હતું. હવે રાજયપાલની મંજુરી બાદ રાજયમાં લાગુ પડશે.

ઉલ્લેખનીય છે કે, દેશમાં લગ્ન માટે છોકરીઓની ન્યુનતમ વય ૨૧ વર્ષ કરવા માટે કેન્દ્ર સરકાર ૨૦૨૧થી પ્રયાસ કરી રહી છે. જયા જેટલીની અધ્યક્ષતામાં રચાયેલ ટાસ્ક ફોર્સે ભલામણ કરી હતી કે છોકરીઓની વય ૨૧ વર્ષ હોવી જોઈએ.

## ૪ દિવસમાં ૩૮ ઈંચ વરસાદ સાથે જામખંભાળીયા દેશનું ચેરાપુંજી બન્યું

જામ ખંભાળિયા, તા. ૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી મેઘરાજાએ અનરાધાર વરસીને જાણે પ્રકોપ પ્રદર્શિત કરી રહ્યા હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. છેલ્લા ચાર દિવસના સમયગાળા દરમિયાન પવન અને વાઝડી સાથે ખંભાળિયા તાલુકામાં ૩૮, ભાણવડ તાલુકામાં ૨૬, કલ્યાણપુર તાલુકામાં ૨૫ અને દ્વારકા તાલુકામાં ૨૩ ઈંચ વરસાદ વરસી જતા સાર્વત્રિક હાલાકીનો માહોલ સર્જાઈ ગયો છે.

આ વચ્ચે ઉલ્લેખનીય છે કે સૌથી વધુ દ્વારકા તાલુકામાં મોસમનો કુલ ૩૫૫ ટકા સહિત જિલ્લામાં કુલ સરેરાશ ૨૪૪ ટકા જેટલો વરસાદ વરસી ચુક્યો છે. જેથી હવે જિલ્લાની જનતા મેઘરાજાને ખમૈયા કરે તેવી પ્રાર્થના કરે છે.

## જૂનાગઢ શહેર જીલ્લામાં આજે વરસાદનું જોર ઘટયું ગિરનાર પર મીની વાવાઝોડુ ફુંકાતા અંધારપટ છવાયો

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ શહેર જીલ્લામાં આજે સવારથી જ વરસાદનું જોર ધીમું પડતા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. જૂનાગઢ જીલ્લામાં વરસાદી સીઝનના પ્રારંભથી જ મેઘરાજાએ અનરાધાર વરસીને અત્યાર સુધીમાં સીઝનનો ૧૫૧ ટકા વરસાદ વરસાવી દીધો છે. જીલ્લાના તમામ ૧૦ તાલુકાઓમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

**વર્તમાન સીઝનમાં ગિરનાર પર્વત પર આજે સવાર સુધીમાં રેકોર્ડ ૨૦૦૦ મી.મી. ૮૦ ઈંચ વરસાદ નોંધાયો**

જયારે ગિરનાર પર્વત પર વર્તમાન વરસાદની સીઝનમાં અત્યાર સુધીનો સૌથી વધુ ૨૦૦૦ મી.મી. - ૮૦ ઈંચ વરસાદ પડયો છે. ગિરનાર પર્વત પર ગઈકાલે મીની વાવાઝોડું ફુંકાયું હતું. જેમાં ૭૦ થી ૮૦ કિમીની ઝડપે પવન ફુંકાતા ભારે અફરાતફરી મચી ગઈ હતી અને વીજપોલ ધરાશાઈ થઈ ગયા હતા. તેમજ ગિરનારના પગથીયા પર આવેલ દુકાનોના છાપરા, પતરા, પ્લાસ્ટીક ઉડી ગયા હતા. વીજપોલ ધરાસાઈ થવાના પગલે ગિરનાર પર્વત પર અંધારપટ છવાઈ ગયો હતો. જૂનાગઢ જીલ્લામાં આજે સવારથી તમામ ૧૦ તાલુકાઓમાં જરમર વરસાદ છે. ભેસાણ અને વિસાવદરમાં અનુક્રમે ૧૫ અને ૧૨ મીમી વરસાદ નોંધાયો છે. બાકીના તાલુકાઓમાં નહીવત વરસાદ છે. આમ આજે સવારથી જ જૂનાગઢ જીલ્લામાં વરસાદનું જોર ધીમું પડતા લોકો હવે વરાપની રાહ જોઈ રહ્યા છે. ભારે વરસાદને પગલે જૂનાગઢ જીલ્લામાં અનેક ગ્રામ્ય રસ્તાઓ બંધ છે. એસટીના સંખ્યાબંધ રૂટ બંધ હોય ટ્રીપો રદ કરવામાં આવી છે તેથી મુસાફર જનતાને ભારે હાલાકી પડી રહી છે.

## "મોદીનું તરતું ગુજરાત મોડેલ"-ગુજરાતની પુર પરીસ્થિતિ અંગે કોંગ્રેસે ટોણો માર્યો

નવી દિલ્હી તા. ૨૯ :

ગુજરાતમાં ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ગુજરાતમાં પૂરના કારણે અત્યાર સુધીમાં ૧૨ લોકોના મોત થયા છે. પૂરના દર્દનાક દ્રશ્યો વચ્ચે દેશનું રાજકીય તાપમાન પણ ઉંચુ છે. કોંગ્રેસે તેના X એકાઉન્ટમાંથી ગુજરાતમાં પૂરમાં ઘર વહી જવાનો વીડિયો પોસ્ટ કરતા લખ્યું છે કે, 'મોદીનું તરતું ગુજરાત મોડલ.' ગુજરાતમાં પૂરને કારણે થયેલા જાનમાલના નુકસાન અંગે શોક વ્યક્ત કરતા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે પાર્ટીના નેતાઓ અને કાર્યકરોને રાહત અને બચાવ કાર્યમાં શક્ય તમામ સહયોગ આપવા હાકલ કરી હતી. ગુજરાતમાં વરસાદને લગતી ઘટનાઓમાં ૩૬ લોકોનાં મોત નીપજયાં છે.

ખડગેએ X પર પોસ્ટ કર્યુ, 'ગુજરાતમાં પૂરની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે કારણ કે ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે અને લાપતા છે. જેમણે પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે તેમના પરિવારો પ્રત્યે અમારી હૃદયપૂર્વકની સંવેદના.

## દેશમાં વાયુ પ્રદુષણમાં ઘટાડો ભારતીયોનું આયુષ્ય ૧ વર્ષ વધી ગયું

નવી દિલ્હી,તા.૨૯

જીવન કુદરતની અમૂલ્ય ભેટ છે, જે સ્વચ્છ અને સ્વચ્છ હવા પર નિર્ભર છે. જો ભારતમાં હવાની શુદ્ધતાનું ધ્યાન રાખવામાં આવે તો ૨૦૨૨માં રજકણના પ્રદૂષણમાં ૧૯.૩ ટકા ઘટાડો થયો હતો. આ ઘટાડાને કારણે ભારતીયોની આયુષ્યમાં એક વર્ષનો વધારો થયો છે. શિકાગો યુનિવર્સિટીની એનર્જી પોલિસી ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટમાં આ વાત સામે આવી છે.

દેશમાં પ્રદુષણનાં સ્તરમાં ઘટાડાથી ભારતીયોની જીંદગી સરેરાશ એક વર્ષ વધી ગઈ છે.રિપોર્ટ અનુસાર ૨૦૨૧ ની તુલનામાં ૨૦૨૨ માં પીએમ કણ પ્રદુષણમાં ૧૯.૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો જેથી લોકોની જીવન અપેક્ષામાં વૃધ્ધિ થઈ. સિકાગો વિશ્વ વિદ્યાલયનાં વાયુ ગુણવતા જીવન સુચકાંક ૨૦૨૪ ના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે, આગામી વર્ષમાં પીએમ કણોના સ્તરમાં ઘટાડો ચાલૂ રહ્યો તો ઉતરી મેદાની વિસ્તારોમાં લોકોની જીવન અપેક્ષા ૧.૨ વર્ષ સુધીમાં વધી જશે.જોકે ડબલ્યુ એચઓનાં પીએમ ૨.૫ કણનાં ધોરણ પુરા નહિં કરવા પર જીંદગીમાં ૩.૬ વર્ષનો ઘટાડો થવાની પણ સંભાવના છે.


**લસણ રીટેઈલમાં મળશે**

પ્યોર દેશી આખું લસણ
૧ કિલોના ફકત રૂા.૨૧૦
૪ થી ૫ મહિના સુધી બગડશે નહીં
મો.૯૩૭૬૬૦૫૫૬૨
જૂનાગઢ

**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જ્યોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ


ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મોસમનો ૨૪૪ ટકા વરસાદ : ૮૬ ઈંચ વરસાદ સાથે ખંભાળિયા તાલુકો સમગ્ર રાજ્યમાં મોખરે

## ચાર દિવસમાં ખંભાળિયામાં ૩૮, ભાણવડમાં ૨૬, કલ્યાણપુરમાં ૨૫ અને દ્વારકામાં ૨૩ ઈંચ વરસાદ ખાબક્યો : ઠેર ઠેર ખાનાખારાબીના દ્રશ્યો સર્જાયા : વરસાદી વિરામની પ્રાર્થના કરતા નગરજનો




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી મેઘરાજાએ અવિરત મુકામ રાખીને જાણે પ્રકોપ પ્રદર્શિત કરી હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. છેલ્લા ચાર દિવસના સમયગાળા દરમિયાન પવન અને વાઝડી સાથે ખંભાળિયા તાલુકામાં ૩૮, ભાણવડ તાલુકામાં ૨૬, કલ્યાણપુર તાલુકામાં ૨૫ અને દ્વારકા તાલુકામાં ૨૩ ઈંચ વરસાદ વરસી જતા સાર્વત્રિક હાલાકીનો માહોલ સર્જાઈ ગયો છે. આ વચ્ચે ઉલ્લેખનીય છે કે સૌથી વધુ દ્વારકા તાલુકામાં મોસમનો કુલ ૩૫૫ ટકા સહિત જિલ્લામાં કુલ સરેરાશ ૨૪૪ ટકા જેટલો વરસાદ વરસી ચુક્યો છે. જેથી હવે જિલ્લાની જનતા મેઘરાજાને ખમૈયા કરે તેવી પ્રાર્થના કરે છે.

જન્માષ્ટમી પર્વના પ્રારંભથી જ મેઘરાજાએ સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મુકામ આદરી અને રવિવારથી આજે ગુરુવારે બપોર સુધી ધોધમાર વરસાદ વરસાવ્યો છે. જેમાં રવિવારે ખંભાળિયા તાલુકામાં ૩૮ મી.મી. ( દોઢ ઈંચ) કલ્યાણપુરમાં ૩, ભાણવડ તાલુકામાં ૧૩ મી.મી. (અડધો ઈંચ) બાદ સોમવારે દ્વારકામાં ૬૫ મી.મી. (અઢી ઈંચ), ખંભાળિયામાં ૨૨૬ મી.મી. (૯ ઈંચ), કલ્યાણપુર તાલુકામાં ૭૯ મી.મી. (૩ ઈંચ) અને ભાણવડ તાલુકામાં ૬૫ મી.મી. (અઢી ઈંચ) વરસાદ વરસાવી દીધો હતો. આ પછી પણ મંગળવારે ભારે પવન સાથે વરસેલા વરસાદમાં દ્વારકામાં ૨૫૧ મી.મી. (૧૦ ઈંચ), ખંભાળિયામાં ૪૫૪ મી.મી (૨૨ ઈંચ), કલ્યાણપુરમાં ૨૬૦ મી.મી. (સાડા ૧૦ ઈંચ) અને ભાણવડમાં ૨૬૮ મી.મી. (સાડા દસ ઈંચ) વરસાદ ખાબક્યો હતો. મેઘરાજાએ ગઈકાલે બુધવારે પણ પોતાની ધમાકેદાર બેટિંગ જારી રાખી અને બુધવારે દ્વારકામાં ૨૧૫ મી.મી. (સાડા ૮ ઈંચ), ખંભાળિયામાં ૨૨૫ મી.મી. (૯ ઈંચ), કલ્યાણપુરમાં ૨૬૩ મી.મી. (સાડા ૧૦ ઈંચ) અને ભાણવડમાં ૨૯૫ મી.મી. (૧૨ ઈંચ) વરસાદ પછી આજે સવારે પણ દ્વારકામાં ૨૦ મી.મી., ખંભાળિયામાં ૧, કલ્યાણપુરમાં ૬ અને ભાણવડમાં ૪ મીલીમીટર વરસાદ વરસી ગયો છે. આમ, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાર દિવસના સમયગાળા દરમિયાન સૌથી વધુ ખંભાળિયા તાલુકામાં ૩૮, ઈંચ, ભાણવડમાં ૨૬, કલ્યાણપુરમાં ૨૫ અને દ્વારકામાં ૨૩ ઈંચ તોફાની વરસાદ વરસી ચુક્યો છે. આ પરિસ્થિતિ આજે સવારે પણ જારી રહી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મોસમનો કુલ સરેરાશ વરસાદ દ્વારકામાં ૮૧ ઈંચ (૨૦૧૭ મી.મી.) સાથે ૩૫૫ ટકા, ખંભાળિયામાં ઈંચ (૨૧૨૬ મી.મી.) સાથે ૨૪૨ ટકા, કલ્યાણપુર તાલુકામાં ૭૮ ઈંચ (૧૯૪૩ મી.મી.) સાથે ૨૧૮ ટકા અને ભાણવડમાં ૫૭ ઈંચ (૧૪૨૦ મી.મી.) સાથે મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૯૦ ટકા વરસી ગયો છે. આમ, જિલ્લામાં કુલ સરેરાશ વરસાદ ૨૪૪ ટકા વરસી જતા અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. જિલ્લાના તમામ ચાર તાલુકાઓમાં આવેલા જળસ્ત્રોતોમાં વિપુલ માત્રામાં પાણી ઓવરફ્લો જઈ રહ્યા છે. જેથી નીચાણવાળા વિસ્તારોમાં ઠેર ઠેર ગોઠણ બુડ પાણી ભરાયા હોવાથી વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે.

**ખંભાળિયામાં પૂરની પરિસ્થિતિ અંગે માહિતી મેળવતા ખંભાળિયાના વતની સાંસદ પરિમલ નથવાણી**

ખંભાળિયા તથા આસપાસમાં વિસ્તારોમાં ભારે વરસાદના કારણે ઠેર ઠેર ભારે હાલાકીભરી પરિસ્થિતિ સર્જાઈ હોવાથી ખંભાળિયાના મૂળ વતની અને રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીએ અહીંના જિલ્લા કલેકટર વિગેરે સાથે સંપર્કમાં રહી અને તમામ જરૂરી મદદ તેમજ કામગીરી કરવામાં આવે તે માટેના પ્રયાસો કર્યા હતા.

**રામનાથ પુલ પરથી ઇતિહાસમાં પ્રથમ વખત પાણી વહ્યા**

ખંભાળિયાના પાદરમાં આવેલા રામનાથ મંદિર નજીકના રામનાથ બ્રિજ પરથી ગઈકાલે ઈતિહાસમાં પ્રથમ વખત ઘોડાપુર જેવા પાણી વહ્યા હતા. ઘી ડેમ ઓવરફ્લો થતાં તેની વિશાળ જળરાશીના કારણે ઘી નદીમાં વિપુલ માત્રામાં પાણીની આવક થઈ હતી. જેના પરિણામે રામનાથ બ્રિજ પરથી પાણી વહેવા લાગતા આવી ઘટના પ્રથમ વખત બની હતી. આ પછી આ તમામ પાણી આગળ ખામનાથ મહાદેવ મંદિર નજીકના ચેકડેમ પરથી ધોધમાર વહેવા લાગતા નયન રમ્ય દ્રશ્યો જોવા મળ્યા હતા.

**ઠેર ઠેર સેવા કાર્યો હાથ ધરાયા**

ખંભાળિયા સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા ચારેક દિવસથી પવન સાથેના ભારે વરસાદના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બની રહ્યું હતું. જો કે આજરોજ ગુરુવારે સવારે કેટલીક બજારો ખુલી હતી અને જનજીવન ધબકતું થતાં ધીમે ધીમે પરિસ્થિતિ થાળે પડી રહી હોવાનું જોવા મળ્યું હતું. આ અતિવૃષ્ટિના કારણે અનેક ઝૂંપડપટ્ટી વિસ્તારો તેમજ ગરીબ વિસ્તારના લોકો કફોડી હાલતમાં મુકાઈ ગયા હતા તેની વ્હારે સેવાભાવી સંગઠનો તેમજ કાર્યકરો પહોંચી ગયા હતા અને જરૂરિયાત મુજબ પાણી તેમજ ખોરાક મળે તે માટે વરસતા વરસાદે પણ વ્યવસ્થા કરી હતી. આટલું જ નહીં, અહીંના જિલ્લા કલેક્ટર જી. ટી. પંડ્યાની સીધી દેખરેખ હેઠળ જિલ્લા પ્રશાસન દ્વારા પણ ઠેર ઠેર રેસ્ક્યુ તેમજ વિવિધ સેવાકીય કાર્યો કરાયા હતા.

**પીજીવીસીએલ તંત્રની કાબીલે દાદ કામગીરી**

છેલ્લા ચાર દિવસથી અવિરત રીતે તોફાની પવન તેમજ મુશળધાર વરસાદના કારણે ખંભાળિયામાં ઠેર ઠેર વૃક્ષો પડવા તેમજ થાંભલા પડવાના બનાવ બન્યા હતા. આ પરિસ્થિતિમાં વીજ પુરવઠો પણ ખોવાઈ જવાના બનાવો બન્યા હતા. તેમ છતાં પણ પીજીવીસીએલ ઈજનેર તેમજ તેમની ટીમ દ્વારા અવિરત સક્રિય બની અને ખૂબ જ ટૂંકા સમયગાળામાં વીજ પુરવઠો પૂર્વવત થાય તે માટે નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી. થોડા સમય પૂર્વે ફૂંકાયેલા બીપરજોય જેવા ભયંકર વાવાઝોડાની પરિસ્થિતિ કરતા પણ હાલ કઠિન પરિસ્થિતિમાં પીજીવીસીએલ તંત્રની કામગીરી વખાણવા લાયક બની રહી હતી.

**ઇન્ટરનેટ, વોઇસ કોલિંગ સેવાઓ ઠપ્પઃ લોકોમાં રોષ સાથે હાલાકી**


ભારે પવન તેમજ વરસાદના પગલે છેલ્લા બે દિવસ દરમિયાન જીઓ, એરટેલ, બી.એસ.એન.એલ. જેવી મોબાઈલ કંપનીની વોઈસ કોલિંગ તેમજ ઈન્ટરનેટ સુવિધાઓ ખોડંગાઈ ગઈ હતી. જેના કારણે લોકોની હાલતી બેવડાઈ હતી. આ વચ્ચે બ્રોડબેન્ડ, ઈન્ટરનેટ બંધ રહેતા બેક્કિંગ સેવાઓ પણ ખોવાઈ જતા વેપારીઓ-નગરનોને બેક્કિંગ વ્યવહાર માટે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

**ઘી ડેમમાં પાણી પુરવઠાની લાઈનો ધોવાઈઃ પાણી વિતરણ વ્યવસ્થા ઠપ્પ**

ઘી ડેમમાં ઉપરવાસના ભારે વરસાદના કારણે પ્રથમ વખત ડેમ ૭ ફૂટે ઓવફલો થયો હતો. ડેમમાંથી પાણીની તેજ આવકના કારણે નજીકથી પસાર થતી નગરપાલિકાની પાણીની લાઈનોનું ધોવાણ થયું હતું. જેના કારણે વ્યાપક નુકસાની વચ્ચે શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થાને પણ વ્યાપક અસર થવા પામી હતી અને બે દિવસથી પાણી વિતરણ થઈ શક્યું ન હતું. ખંભાળિયા સહિત સમગ્ર જિલ્લામાં હાલ અતિવૃષ્ટિ તેમજ લીલા દુકાળની પરિસ્થિતિનું નિર્માણ થયું હોય, જેથી હવે લોકો મેઘરાજાને વિરામ રહે તે માટે પ્રાર્થના કરી રહ્યા છે.

# જન્માષ્ટમીએ ચાલુ વરસાદે હજારો ભાવિકો શ્રધ્ધા સાથે કાળિયા ઠાકોરના દર્શન કર્યા

## ઠાકોરજીને ખુલ્લા પડદે સ્નાન અભિષેક કરાયા : નંદ ઘેર આનંદ ભૈયો જય કનૈયા લાલકીના ગગનચુંબી નાદ સાથે જગતમંદિર રાત્રીના ગુંજી ઉઠ્યું : પારણા નોંમના કાળિયા ઠાકોરને મંગલા દર્શનમાં અક્કોટ મનોરથ દર્શન યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૯

યાત્રાધામ દ્વારકા જગ વિખ્યાત દ્વારકાધીશ જગત મંદિરે જન્માષ્ટમીના સંખ્યા બંધ ભાવિકોની ઉપસ્થીતીમાં શ્રી કૃષ્ણ ૫૨૫૧મો જન્મત્સવની ભક્તિમય વાતાવરણમાં ભવ્યતી ભવ્ય ઉજવણી ભાવિકો અને પુજારી પરીવાર દ્વારા કરવામાં આવી હતી. રાત્રીના ૧૨ના ટકોરે શ્રી દ્વારકાધીશના ત્રૈલોકય સુંદર જગતમંદિરમાં ઝળહળથી રોશની વચ્ચે જય રણછોડ માખણ ચોર ના ધોષ સાથે નંધ ઘેર આનંદ ભૈયો જય કનૌયા લાલકી ના ગગનભેદી નાદ સાથે શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામ ધુમથી ઉજવણી કરવામાં આવી હતી. જન્માષ્ટમી પર્વ નિમીતે ભગવાનશ્રી દ્વારકાધીશના મંદિરે પરીસરને કલાત્મક લાઈટીંગ તથા ડેકોરેશનથી શુશોભિત કરવામાં આવ્યું હતું. કાળિયા ઠાકોરને ખુલ્લા પડદે મંત્રો ચારથી પુજારી પરીવાર દ્વારા મંત્રોચારથી અભિષેક કરવામાં આવ્યો હતો. જન્માષ્ટમીના રાત્રીના દસ વાગ્યે ભિતરમાં વારદાર પુજારી પરીવારે ઠાકોરજીને બંધ પડદે મંગલા આરતી કર્યા બાદ પ્રભુંના જન્મના સ્નાન અભિષેક પુજન કરાયા બાદ શ્રીજીને શુંગાર કરવામાં આવ્યો હતો. જેમાં શ્રી મસ્તક પર ફુલેર, શીશફુલ, મોર-ચંદ્રીકા, કાને મોર કુંડલ, શિશફુલ, હિરા સોના જડીત માળા હાર, કંઠના કંઠયારી, વૂક્ષ સ્થળ પર સોના જડીત ગંઠા સોના-મોતી જડીત જનોઈ ચરણચોડી ઝાંઝર ચોટી(સોના જડીત ચોટલો) મુખારવીર પર ચાંદલો હડપચી નાક પર નવસેર સોના ઝડીત મીટીકા તથા ઝરીયન ઝડીત વસ્ત્રો ચાદગાર કેસરીયા વાધા સાથે પૂર્ણ શણગાર કરવામાં આવ્યો હતો. શુંગાર બાદ પરંપરા ભોગ અર્પણ કરવામાં આવેલ હતો. જેમા મગજ લાડું બુંદી લાટી મોહનથાળ મેસુંબ પુળી પકોડી શાકભાજી ભજીયા બાસુંદી રબડી માવા મિઠાઈ વગેરેના ભહાભોગ સાથે વિશેષ પંજરી શ્રીજીને ધરાવવામાં આવી હતી. રાત્રીના ૧૨ વાગ્યાના ટકોરે પ્રભું જન્મોત્સવ આરતી છડી પોકારી જય નાદ સાથે તથા નંદ ઘેર આનંદ ભૌયો જય કનૌયા લાલકી ઉમંગ અને ઉલાસથી પુજારી પરીવાર અને ભાવિકોએ ચાલું વરસાદે જન્મોત્સવ મનાવામાં આવ્યો હતો. રાત્રીના શ્રીજીના અઠી વાગ્યે અનોસર (દર્શન બંધ) બાદ ભિતરમાં મહાભોગ ધરાવામાં આવેલ હતો. જેમા તમામ પ્રકારની મીષ્ટાણ તમામ પ્રકારની માવાની મીઠાઇ દુધ ગરની સામગ્રી વિગેરે અર્પણ કરી આ મહાભોગની સાથે જ પ્રભુંને વિશ્રામ અનોસર કરવામાં આવ્યા હતા. પારણા નોંમના સવારે ૭:૦૦ વાગ્યે શ્રીજીના દર્શન કરાવામાં આવ્યા હતા. ત્યારે શ્રીજીને અક્કોટ મનોરથ દર્શન યોજાયા હતા. પૂરા વર્ષ દરમ્યાન પારણા નૌમનો એક જ દિવસ એવો છે. જેમા સવારે શ્રીજીને સ્નાન શણગાર કરાવામાં આવતા નથી. શ્રીજીને જન્માષ્ટમીનો શણગારમાં નૌમના પ્રભૂંના બાલસ્વરૂપને સોના જડીત પારણામાં પધરાવી વારદાર પુજારીએ ભાવિકોને પારણા દર્શન કરાવામાં આવેલ હતા. શ્રીજીના બાલસ્વરુપને પારણામાં ઝુંલાવી વિવિધ પ્રકારના રમકડા શ્રીજીના બાલસ્વરૂપ પાસે રાખીને પુજારી દ્વારા રમાડવાનો ભાવ કરવામાં આવ્યો હતો. સુંદર ભાવથી બાલ ગોપાલને પારણામાં ઝુંલાવી સવારે ૧૦ વાગ્યે અનૌસર કરી (પોઢાડી) ને સાંજે ૫ વાગ્યે ફરી ઉત્થાપન દર્શન બાદ સાંજે ૬થી૭ વાગ્યા સુધી નવમીના અભિષેક પુજા (સ્નાન) કરાવવામાં આવ્યા હતા. નવમીના શ્રીજીના સંધ્યા શણગાર બાદ સાંજનો નિત્યક્રમ કરી રાત્રીના ૯:૩૦ વાગ્યે પુજારી અને ભકતોએ શયન સ્તુતિ ગાયને શ્રીજીને શયન કરાવવામાં આવ્યું હતું. પરંપરાગત મુજબ કાળિયા ઠાકોરનો જન્મ મહોત્સવ તથા નવમી- પારણા મહોત્સવ મનાવામાં આવ્યો હતો.ત્રિદીવય ઉત્સવ દરમિયાન લાખો ભાવિકોએ કળિયા ઠાકોરના દર્શન કરી ધન્યતા અનુંભવી હતી. તેમજ જન્માષ્ટમીના દ્વારકા શહેરમાં કાન્હા વિચાર મંચ દ્વારા આયોજીત ભવ્ય શોભાયાત્રા નિકળેલ હતી.

**જન્માષ્ટમી પર્વ દરમ્યાન ત્રણ દિવસમાં ૨.૪૫ લાખ ભાવિકોએ ઠાકોરજીના દર્શન કર્યા**

જન્માષ્ટમી પર્વમાં આ વખતે સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ હોવા છતાં પણ દ્વારકાધીશ જગતમંદિરે દર્શનાર્થીઓ ઉમટયા હતા. અને છઠ્ઠ, સાતમ અને આઠમ એમ ત્રણ દિવસમાં જ જગતમંદિરમાં આશરે બે લાખ પીસ્તાલીસ હજાર ભાવિકોએ જગતમંદિરમાં ઠાકોરજીના દર્શન કર્યા હતા. કૃષ્ણ જન્માષ્ટમીના દિવસે જ સવા લાખ ભાવિકોએ શ્રીજીના દર્શન કર્યા હતા. જન્માષ્ટમીની મધરાતે કૃષ્ણ જાણે સમથે પરસતા વરસાદે પણ ભાવિકો ઉમટયા હતા.

# જુનાગઢ મસ્જીદે રઝા માં આ'લા હઝરતના ઉર્ષ શરીફ નિમિતે શાનદાર જલ્સાનું આયોજન

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝામાં આ'લા હઝરત ફાઝીલે બરેલ્વી રદીઅલ્લાહો તઆલા અન્હોના ૧૦૬ માં ઉર્ષ શરીફ નિમિતે તેમને ખિરાજે અકીદત પેશ કરવા તા. ૩૦-૮-૨૦૨૪ શુક્રવારે રાત્રે ઈશાંની નમાઝ બાદ ખત્મે કાદરીયાહ શરીફ, નાત શરીફ તેમજ સલાતો સલામની રૂહાની મહેફીલ થશે. તથા તા. ૩૧-૮-૨૦૨૪ શનિવારે બપોરે ૧ થી ૩ વાગ્યા સુધી મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝામાં શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં શેહઝાદએ ખલીફએ હુઝુર મુફતીએ આઝમે હિન્દ, પીરે તરીકત, હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં અલ્હાજ ગુલઝાર અહમદ સાહબ નૂરી (સજ્જાદાહનશીન ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ-જુનાગઢ) તેમના અનોખા અંદાઝમાં સીરતે આ'લા હઝરત પર શાનદાર તકરીર ફરમાવશે બપોરે ૨-૩૮ મિનીટે સરકારે આ'લા હઝરતના કુલ શરીફ થશે. સલાતો સલામ, દુઆએ ખૈર બાદ ન્યાઝ જમાડવામાં આવશે. આ જલ્સામાં સર્વે મુસ્લીમ બીરાદરો બહોળી સંખ્યામાં હાજરી આપી સવાબે દારૈન હાસીલ કરવા એક યાદીમાં જણાવાયું છે.

# વિદ્યાર્થીઓ માટે મૂલ્યશિક્ષણ: એક આવશ્યક પાસું



**ડો. ઉદય જે. લાખાણી - પ્રોફેસર, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી (સુરત)**

NEP ૨૦૨૦ બાળકોના સર્વાંગી વિકાસ, વ્યાવસાયિક શિક્ષણના એકીકરણ અને નાગરિક મૂલ્યોના સંવર્ધન પર ભાર મૂકીને મૂલ્ય શિક્ષણને પ્રોત્સાહન આપે છે. આ નીતિનો હેતુ શીખનારને કેન્દ્રમાં રાખીને અને મજબૂત પાયાના કૌશલ્યોનું નિર્માણ કરીને શિક્ષણમાં પરિવર્તન લાવવાનો છે.

**મૂલ્યશિક્ષણ શું છે?**

મૂલ્યશિક્ષણ એટલે વિદ્યાર્થીઓને સારા નૈતિક મૂલ્યો શીખવવાની પ્રક્રિયા. આમાં સત્ય, નિષ્ઠા, પ્રમાણિકતા, દયા, કરુણા, સહકાર, સંયમ, ધૈર્ય અને અન્ય ઘણા સદ્ગુણોનો સમાવેશ થાય છે. મૂલ્યશિક્ષણ માત્ર ધર્મ કે સંસ્કૃતિ સાથે સંકળાયેલું નથી પરંતુ તે માનવ જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

**શા માટે મૂલ્યશિક્ષણ મહત્વનું છે?**

સારા નાગરિક બનવા: મૂલ્યશિક્ષણ વિદ્યાર્થીઓને સારા નાગરિક બનવા માટે તૈયાર કરે છે. તેઓ સમાજમાં સહકારથી રહેવાનું શીખે છે અને દેશની પ્રગતિમાં યોગદાન આપે છે.

વ્યક્તિત્વનો વિકાસ: મૂલ્યશિક્ષણ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરે છે. તેઓ આત્મવિશ્વાસી, સ્વતંત્ર અને સકારાત્મક વિચારધારા ધરાવતા બને છે.

સમસ્યાનું નિરાકરણ: મૂલ્યશિક્ષણ વિદ્યાર્થીઓને જીવનની વિવિધ સમસ્યાઓનું નિરાકરણ કરવાની ક્ષમતા આપે છે. તેઓ સારા નિર્ણયો લેવાનું શીખે છે.

સફળ કરિયર: મૂલ્યશિક્ષણ વિદ્યાર્થીઓને તેમના કરિયરમાં સફળ થવામાં મદદ કરે છે. નિષ્ઠા, પ્રમાણિકતા અને સહકાર જેવા ગુણો કોઈપણ ક્ષેત્રમાં સફળતા માટે આવશ્યક છે.

શાળામાં મૂલ્યશિક્ષણ કેવી રીતે આપી શકાય?

કથાઓ અને ઉદાહરણો: વિદ્યાર્થીઓને સારા નૈતિક મૂલ્યો શીખવવા માટે કથાઓ અને ઉદાહરણોનો ઉપયોગ કરી શકાય.

રોલ પ્લે: વિધિયાથીઓને વિવિધ પરિસ્થિતિઓમાં રોલ પ્લે કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

વિચારણા: વિદ્યાર્થીઓને વિવિધ મુદ્દાઓ પર વિચારણા કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

સમાજસેવા: વિદ્યાર્થીઓને સમાજસેવાના કાર્યોમાં સામેલ કરી શકાય.

શિક્ષકોનું ઉદાહરણ: શિક્ષકોએ વિદ્યાર્થીઓ માટે રોલ મોડલ તરીકે કામ કરવું જોઈએ.

**મૂલ્યશિક્ષણની પદ્ધતિઓ :**

કથાઓ અને દાખલા: ભારતીય પૌરાણિક કથાઓ, મહાન વ્યક્તિઓના જીવન, દૈનિક જીવનની ઘટનાઓ

રોલ પ્લે: વિવિધ પરિસ્થિતિઓમાં યોગ્ય વર્તન શીખવવા

વિચારણા: વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરીને મંતવ્યોનું આદાન-પ્રદાન

સમાજસેવા: સમાજ માટે કંઈક કરીને સેવાની ભાવના જગાવવી

કલા અને સંસ્કૃતિ: કલા, સંગીત અને સાહિત્ય દ્વારા મૂલ્યોનું સંચાર

પ્રકૃતિ શિક્ષણ: પ્રકૃતિ સાથેના સંબંધમાંથી મૂલ્યો શીખવવા

**મૂલ્યશિક્ષણના ફાયદાઃ**

વ્યક્તિગત વિકાસ: આત્મવિશ્વાસ, સ્વતંત્રતા, સર્જનાત્મકતા, આત્મનિર્ભરતા

સામાજિક વિકાસ: સહકાર, સંવાદ, સહનશીલતા, સમાજસેવા

શૈક્ષણિક વિકાસ: અભ્યાસમાં રુચિ, સારું પ્રદર્શન, જિજ્ઞાસા

કારકિર્દી વિકાસ: નિષ્ઠા, પ્રમાણિકતા, નેતૃત્વ ગુણો

**મૂલ્યશિક્ષણમાં માતા-પિતા અને શિક્ષકોની ભૂમિકા :**

માતા-પિતા: ઘરમાં બાળકોને સારા મૂલ્યો શીખવવા, બાળકોના ઉદાહરણ બનવું

શિક્ષકો: શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મૂલ્યો શીખવવા, વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી.

NEP 2020માં મૂલ્યશિક્ષણને મહત્વ આપવામાં આવ્યું છે, પરંતુ તેની અમલીકરણમાં કેટલીક મર્યાદાઓ પણ છે. જેમ કે, પાઠ્યપુસ્તક કેન્દ્રિયતા છે, સમયનો અભાવ છે, માતા-પિતા તરફથી સહકારનો અભાવ વગેરે. જો આ તમામ મર્યાદા દૂર કરી શકીએ તો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મદદ મળશે. આ માટે સરકાર, સંસ્થા અને માતા-પિતાની સંયુક્ત ભાગીદારી કેન્દ્રસ્થાને રહેશે જે નિર્વિવાદ છે.

**અવસાન નોંધ**

જયાબેન વનેચંદ તૈલી ઉ.વર્ષ ૮૫ ગો.વા વનેચંદભાઈ દેવચંદભાઈનાં ધર્મ પત્ની તે ગો.વા નીતિનભાઈ વનેચંદભાઈના માતુશ્રી તેમજ દીક્ષિતભાઈ નીતિનભાઈ તૈલીના દાદીમાં, બિપિનભાઈ તૈલી, યોગેશભાઈ તૈલીના કાકીશ્રીનું તા.૨૮/૮/૨૦૨૪ને બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. જેમનું ઉઠમણું તથા બેસણું આજ તા.૨૯/૮/૨૦૨૪ને ગુરૂવારે ૪ થી ૬ જલારામ વાડી ગીરગઢડા ખાતે રાખવામાં આવેલ છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના ધુમથર ગામેથી ૪ લોકોનું હેલિકોપ્ટર દ્વારા સફળતાપૂર્વક રેસ્ક્યુ કરાયું




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. અહીંના જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જતા સાથે નાગરિકોની મદદ માટે સતત કાર્યશીલ છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદના લીધે પાણીના પ્રવાહ વચ્ચે ફસાયેલા કલ્યાણપુર તાલુકાના ધૂમથર ગામેથી ૪ વ્યક્તિઓને કોસ્ટ ગાર્ડ દ્વારા એર લીફ્ટિંગ કરી સલામત રીતે બહાર લાવવામાં આવ્યા હતી. રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લા કંટ્રોલરૂમ ખાતેથી સંપર્ક વિહોણા ગામ કોમ્યુનિકેશન કરી સતત મદદ પહોંચાડવામાં આવી રહી છે.

# ખંભાળિયામાં ભગવાન શ્રીકૃષ્ણની પરંપરાગત શોભાયાત્રા યોજાઈ



જામ ખંભાળિયા તા.૨૯

ભગવાન શ્રીકૃષ્ણના ૫૨૫૧ માં જન્મોત્સવ પર્વ નિમિત્તે સોમવારે ખંભાળિયામાં કૃષ્ણ ભક્તો દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ જન્માષ્ટમી પર્વને અનુલક્ષીને વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના સંયુક્ત ઉપક્રમે સોમવારે સવારે ભગવાન શ્રી કૃષ્ણની શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા સવારે અહીંની ગોવર્ધનનાથજીની હવેલી ખાતેથી શરૂ થઈ, શહેરના જુદા જુદા રાજમાર્ગો પર ફરીને બપોરે શ્રી મહાપ્રભુજીની બેઠકજી ખાતે પૂર્ણ થઈ હતી. માર્ગમાં આ શોભાયાત્રાનું વિવિધ મંડળો દ્વારા તેમજ સેવાભાવીઓ દ્વારા સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. સાથે ભગવાન શ્રી કૃષ્ણની પ્રતિમાનું પણ પૂજન કરાયું હતું. વરસતા વરસાદે પણ કૃષ્ણ ભક્તો આ શોભાયાત્રામાં જોડાયા હતા અને આસ્થા વ્યક્ત કરી હતી.

# જૂનાગઢ જીલ્લાનાં ભારે વરસાદ પ્રભાવિત વિસ્તારમાં રોગચાળો અટકાવવા આરોગ્ય વિષયક કામગીરી વેગવંતી કરાઈ

## જંતુનાશક દવા અને પાવડરનો છંટકાવથી મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા પ્રયાસ



જૂનાગઢ તા. ૨૯

જૂનાગઢ જિલ્લામાં તમામ તાલુકામાં વ્યાપક રીતે વરસાદ નોંધાયો છે. વરસાદનાં કારણે જૂનાગઢ જિલ્લાની પોપટડી, મહિયારી, ધ્રાફડ, ઓઝત, ગુડાજલી, ઉબેણ, સોનરખ, મધુવંતી, ઉતાવળી સહિત વિવિધ નદીઓમાં વરસાદી નીર વહેતા થયા હતા. સાથે સાથે ગ્રામ અને શહેરમાં વરસાદથી રોડ રસ્તાઓ પર પાણી એકત્રીત થવાનાં બનાવો સંદર્ભે જૂનાગઢ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા લોકોનું આરોગ્ય જળવાઈ રહે તે માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. જેના ભાગરૂપે જૂનાગઢ જિલ્લામાં પાણી ભરાવનાં કે નદીનાં પાણી ફેલાવાનાં જ્યાં બનાવ બન્યા છે તેવા વિસ્તારોમાં રોગચાળો અટકાવવા આરોગ્ય વિષયક કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. વરસાદી માહોલમાં ઘણાં વિસ્તારોમાં પાણી ભરાવાથી અનેક જગ્યાએ કચરા અને કાદવ હોવાની જાણ થતા જ આવા વિસ્તારોમાં પાણી ઓસરતાની સાથે જ વહીવટીતંત્રના માર્ગદર્શનમાં જૂનાગઢ મહાનગરપાલીકા, જૂનાગઢ જિલ્લાની સાતેય નગરપાલિકા અને અન્ય ગ્રામ પંચાયતો દ્વારા યુદ્ધના ધોરણે સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે. નગરપાલિકા દ્વારા સફાઈ કામદારોની ટીમ દ્વારા સફાઈ કામગીરી કરવામાં આવી હતી. આરોગ્ય તંત્ર દ્વારા વરસાદ પ્રભાવિત વિસ્તારોમાં લોકોની આરોગ્ય તપાસ કરવામાં આવી રહી છે. રોગચાળો ન ફેલાય તે માટે પીવાના પાણીનું ક્લોરીનેશન તેમજ ટેબ્લેટ ક્લોરીનનું વિતરણ સાથે લોકોને મચ્છરજન્ય રોગો સામે રક્ષણ અને પાણી ઉકાળીને પીવા જાગૃત કરવામાં આવી રહ્યા છે. રોગચાળો ન ફેલાય અને સ્વચ્છતા જાળવવા સ્વીપિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સાફસફાઈ કર્યા બાદ આ વિસ્તારોમાં રોગચાળો ન વકરે તે માટે મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા જંતુનાશક પાવડર અને જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

# માણાવદર તાલુકાના સરાડીયા આસપાસ સાત જેટલા લોકોને કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના નિદર્શન કામગીરી હેઠળ રેસ્ક્યુ કરાયા








જૂનાગઢ, તા.૨૯

રાજ્યભરમાં અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી હોવાના પગલે ગઈકાલથી જૂનાગઢ જિલ્લામાં સતત વરસાદ વરસી રહ્યો છે. જૂનાગઢ જિલ્લામાં અવિરત વરસાદ વરસી રહ્યો હોવાની સ્થિતિમાં જિલ્લા વહીવટીતંત્ર પણ સતર્ક અને સાવચેત છે. માણાવદર તાલુકાના સરાડીયા ગામે અને આસપાસ વાડી વિસ્તારમાં પાણીમાં ફસાયેલા સાત વ્યક્તિઓને જાણકારી મળતા જૂનાગઢ કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના નિદર્શન કામગીરી હેઠળ માણાવદર તાલુકાના સરાડીયા ગામે વાડી વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ ફસાયેલા લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. આ કામગીરી અન્વયે મામલતદાર શ્રી મારૂ તેમજ તાલુકા વિકાસ અધિકારી દ્વારા એસ.ડી.આર.એફ ટીમની મદદ થકી રેસ્ક્યુ કાર્યને સફળ બનાવવામાં આવ્યું હતું. રેસ્ક્યુ કરવામાં આવેલ સાતેય વ્યક્તિઓને સલામત સ્થળે ખસેડી તેમની મેડિકલ ચકાસણી કરવામાં આવી હતી અને તેમને ખોરાક અને દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનિય છે કે ભારે વરસાદમાં કોઈ પણ જાન માલની નુકાશની ના થાય તે દિશામાં જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાનાં સીધા માર્ગદર્શન તળે વહીવટી તંત્રની ટીમ અને એસ.ડી.આર.એફનાં જવાનો ખડેપગે કામ કરી રહ્યા છે.

# જૂનાગઢ વરસાદ પ્રભાવિત વંથલી તાલુકામાં વિજ પ્રવાહ રાબેતા મુજબ કરવા પીજીવીસીએલ અને જેટકોની ટીમો કાર્યરત

જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ જિલ્લામાં હવામાન ખાતાની આગહીને ધ્યાને લઈને વહીવટી તંત્ર સજાગ રહ્યુ હતું. વરસાદનાં વહેતા નીર અને ઉપરવાસનાં ભારે વરસાદનાં પાણી જૂનાગઢનાં ઘેડ વિસ્તારમાં પહોંચે એ સમયે વિજ પ્રવહન નિયમિત જળવાઈ રહે એ દિશામાં પીજીવીસીએલ અને જેટકોની ટીમ ખડેપગે તૈનાત રહી ભારે વરસાદ અને પવનની સ્થિતિમાં રાબેતા મુજબ વિજપુરવઠો કાર્યરત કરવા માટે કામગીરી હાથ ધરી હતી અને લોકોને કોઈ અવરોધ ના થાય તે દિશામાં કાર્યરત રહી હતી. તંત્રની સુઝબુઝ અને કર્મયોગીઓની મહેનતનાં કરાણે સમગ્ર જૂનાગઢ જિલ્લ્લામાં મહદઅંશે વિજ નિયમન સાતત્ય પુર્ણ અત્યાર સુધી જાળવવામાં તંત્ર કાર્યકરી રહ્યુ છે.



# જૂનાગઢ જગન્નાથ મંદિર ખાતે જન્માષ્ટમીની ઉજવણી



જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ જગન્નાથ મંદિરમાં જન્માષ્ટમી પર્વ નિમિતે વિવિધ ધાર્મિક કાર્યક્રમનાં આયોજન કરવામાં આવેલ હતા જેમાં અન્નકોટ, જગન્નાથ સહીત બળદેવ, શુભદ્રાજીને શણગારની સાથે ગોકુડીયું ગામનાં ફ્લોટના અદભુત દર્શન રાખવામાં આવેલ હતા. તેમજ હિંડોળા દર્શન, નંદ ભયો વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ભાવિકો બહોળી સંખ્યમાં ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો. આ તકે સોરઠીયા વાણંદ જ્ઞાતિનાં પ્રમુખ બિપિનભાઈ ભટ્ટી, રાજુભાઈ ચુડાસમા, નીરૂભાઈ પરમાર, કેતન પરમાર, હિતેશરભાઈ વ્યાસ પૂજારી સહીતના ઉપસ્થિત રહ્યા રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર - જોષીપુરા ખાતે નેશનલ સ્પેસ ડે અંતર્ગત સેમિનાર યોજાયો



જૂનાગઢ, તા.૨૯

ભારત ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ચંદ્ર ઉપર ઉતારનાર ચોથો અને દક્ષિણ ધ્રુવીય ક્ષેત્રમાં પહોંચનાર પ્રથમ દેશ બન્યો. ચન્દ્રયાન-૦૩ની અદ્વિતીય સફળતાને યાદગાર બનાવવા, વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવરને ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક સુરક્ષિત ઉતરાણની સીમાસિદ્ધરૂપ સિદ્ધિને બિરદાવવા તેમજ રાષ્ટ્રનાં વૈજ્ઞાનિકોના અપ્રતિમ પ્રયાસોને પ્રોત્સાહિત કરવાના ઉમદા આશયથી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૩ ઓગસ્ટને ''રાષ્ટ્રીય અવકાશ દિવસ'' તરીકે જાહેર કર્યો છે.

ISROની પ્રવૃત્તિઓ તથા ભારતના અવકાશ મિશનની નોંધપાત્ર સિદ્ધિઓ અને તેના ગહન લાભોને તમામ ક્ષેત્રના લોકો ખાસ કરીને વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસારિત કરીને વૈજ્ઞાનિક જિજ્ઞાસા, ટેક્નોલૉજી અને નવીન વિચારસરણીને ઉત્તેજન આપવાની આ એક અનોખી પહેલ છે. જેની થીમ "Touching Lives while Touching the Moon: India's Space Saga." રાખવામાં આવી છે. માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે ''નેશનલ સ્પેસ ડે અંતર્ગત પોસ્ટર મેકિંગ, મોડેલ એક્ઝિબિશન અને ઈન્ફર્મેશન સેમિનાર''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે સંસ્થાનાં ટ્રસ્ટી અરવિંદભાઈ પાઘડાર, વહીવટી અધિકારી કે.પી. ગજેરા, અને શિક્ષણ નિયામકશ્રી બી.એમ.ડોબરિયાની વિશેષ ઉપસ્થિતિમાં દીકરીઓની વૈજ્ઞાનિક જાગૃતતા, સક્રિયતા અને સભાનતાને શાળાના આચાર્યા સુશ્રી જયશ્રીબેન રંગોલિયાએ બિરદાવી હતી. શાળાના શિક્ષકો આર.એ. પાનસુરિયા, બી.યુ. ગોંડલિયા, આર.જે. રાણા અને આર.વી.પાઘડાર એ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન જે.કે.ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા સહિતના ટ્રસ્ટીઓ, વિદ્યાગુરૂઓ અને શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી.


# એચડીએફસી બેન્કે વિદેશ ભણવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે ગ્લોબલ ફિનટેક્ ખાતે એડટેક પ્લેટફોર્મ લોન્ચ કર્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૯

ભારતની ટોચની ખાનગી સેક્ટરની બેંક એચડીએફસી બેંકે આજે મુંબઈમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટ ૨૦૨૪ ખાતે તેનું એડટેક પ્લેટફોર્મ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. જે વિદેશ ભણવા જવા માગતા વિદ્યાર્થીઓ માટે પેમેન્ટ ગેટવે તરીકે સેવા આપશે. જે વિદેશ મોકલવામાં આવતા ફંડ (વિદેશોમાં થતાં એજ્યુકેશન રેમિટન્સ પેમેન્ટ્સ)ને ઓફલાઈન મોડમાંથી ડિજિટાઈઝ બનાવવામાં મદદ કરશે. એચડીએફસી બેન્ક વિદેશમાં યુનિવર્સિટીઓમાં નાણાં મોકલવા માટે વિદ્યાર્થીઓને સક્ષમ બનાવવા શૈક્ષણિક સલાહકારો/એગ્રીગેટર્સ સાથે ભાગીદારી કરશે. આ સોલ્યુશન આ ભાગીદારો/સલાહકારોને ડિજિટલ પેમેન્ટની સુવિધા પ્રદાન કરવા અને એચડીએફસી બેંક એડટેક પ્લેટફોર્મ કનેક્શન દ્વારા હાલની આરબીઆઈ માર્ગદર્શિકાઓનું પાલન કરવાની ખાતરી આપતાં સરળતા પ્રદાન કરશે. જેની મદદથી વિદ્યાર્થીઓને અનુકૂળતા આપવાની સાથે પેમેન્ટ ડ્રોપ-ઓફનો રેશિયોમાં ઘટાડો કરશે. વિદેશી બાબતોના મંત્રાલય દ્વારા આપવામાં આવેલ અંદાજ પ્રમાણે, ૧૩ લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ શૈક્ષણિક હેતુઓ માટે વિદેશ જવાની અપેક્ષા છે. ભારતની તમામ બેંકો સંયુક્તપણે ૩.૫ અબજ ડોલરના ટ્રાન્જેક્શન કરે છે. જે કુલ લિબરલાઈઝ્ડ રેમિટસન્સ સર્વિસિઝના ૧૧ ટકા છે. શૈક્ષણિક સલાહકારો અને એગ્રીગેટર્સ આ સેગમેન્ટમાં આકર્ષક ગ્રોથ નોંધાવાની સંભાવના ધરાવે છે. તેઓ વિદેશ અભ્યાસ અર્થે જતાં વિદ્યાર્થીઓની મોટી સંખ્યાને સંપૂર્ણ સેવાઓ પ્રદાન કરે છે. આ અંગે એચડીએફસી બેંકના રિટેલ ટ્રેડ અને ફોરેક્સ- બિઝનેસ હેડ તથા ઈવીપી શ્રી જતિન્દર ગુપ્તાએ જણાવ્યું હતું કે, ''વિદેશ અભ્યાસ અર્થે જવા ઈચ્છુક મહત્ત્વાકાંક્ષી વિદ્યાર્થીઓ માટે પેમેન્ટ સોલ્યુશન તરીકે નવુ એડટેક પ્લેટફોર્મ લોન્ચ કરવા બદલ અમે ઉત્સુક છીએ. જે તેમના પ્રવાસને ઝડપી અને સરળ બનાવવામાં મદદ કરશે. એચડીએફસી બેંકના ગ્રાહક કેન્દ્રિત ફોકસ અને ગ્રાહકોની બદલાતી અપેક્ષા મુજબ સેવાઓ આપવાની પ્રતિબદ્ધતા પર ફોકસના ભાગરૂપે આ સેવા શરૂ કરવામાં આવી છે.

# સુપ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક પંડીત અરૂકાંત સેવકનું નિધન






જૂનાગઢ, તા.૨૯

કિરાના ઘરાના શાસ્ત્રીય સંગીત પરંપરાનાં ભારતનાં સુપ્રસિદ્ધ ગાયક ગુજરત ગોરવ પુરસ્કાર અને "સૂરમણી " જેવા અનેક સન્માનોથી વિભૂષિત પંડીત શ્રી અરૂણકાંતભાઈ સેવકનો ગઈકાલે સવારે દેહ વિલય થયો, જૂનાગઢ એમજી રોડ સ્થીત સેવકના ડેલામાં દાયકાઓ સુધી ભારતીય સંગીત વિદ્યાલયનું સંચાલન કરી સેંકડો વિદ્યાર્થિને શાસ્ત્રીય સંગીતનું જ્ઞાન આપ્યું છે, નરસિંહ વિદ્યા મંદિરનાં સંગીત શિક્ષક તરીકે નિવૃત્તિ બાદ પણ સંગીતમાં સેવા રત રહ્યા. શિક્ષકની સાથે તેવો ઉચ્ચ કોટીના શાસ્ત્રીય ગાયક તરીકે ભારતભરમાં પ્રસિદ્ધ થયા હતાં. આકાશ વાણી અને દૂરદર્શન માન્ય બી હાયર ગ્રેડ કલાકાર તરીકે વર્ષો સુધી કાર્યક્રમો ઉપરાંત ભારતના વિવિધ રાજ્યોમાં સંગીતનિ મહેફિલોમાં પોતાની સૂરીલી અને આગવી ગાયકીથી ખ્યાતિ પામ્યા, જૂનાગઢના ગૌરવસમા ગાયકના નિધનથી સંગીત જગતે ઘેરા સોકની લાગણી વ્યક્ત કરતા સંગીતકાર વિપુલ ત્રિવેદી દ્વારા સંચાલિત સપ્તક સંગીત વિદ્યાલય, "કલાયતન" સંસ્થા રાષ્ટ્રિય કલા સંસ્થામાં સંસ્કાર ભારતી, જૂનાગઢ, મહાગુજરાત ગાંધર્વ સંગીત સમીતી, સુરતનાં અધ્યક્ષ સુનીલ મોદી મંત્રીઓ હેમંત ગાંધર્વ, વિપુલ ત્રિવેદી, હેમાંગ વ્યાસ, સંગીત તજજ્ઞ ઋષિકુમાર શાસ્ત્રી સહિત સંગીતકારો દ્વારા સ્વર્ગસ્થ પ્રત્યે સોક પ્રકટ કરી શ્રધાંજલિ પાઠવેલ.

# કોડીનાર તાલુકાના ડોળાસા વિસ્તારના વધુ બે ઈંચ વરસાદ, નદી નાળા ફરી છલકાયા, નયન રમ્ય દ્રશ્યો સર્જાયા

(નિરવ ગઢીયા દ્વારા)



ડોળાસા તા.૨૯

કોડીનાર તાલુકાના ડોળાસા પંથકમાં વધુ બે ઈંચ વરસાદ થયો હતો. આ વિસ્તાર નદી, નાળા ડેમ, તળાવ ફરી છલકાયા છે. ડોળાસા અને આજુબાજુના ગામોમાં વહેલી સવારથી જ મેઘરાજાએ મંડાણ કર્યા હતા.જે બપોરના બાર વાગ્યા સુધી ચાલુ જ રહ્યો હતો. આ દરમ્યાન ૫૩ મી.મી.( બે ઈંચ ) વરસાદ નોંધાયો છે.મોસમ નો કુલ વરસાદ ૯૪૧ મી.મી.( ૩૮ ઈંચ ) થયો છે. આ વરસાદથી ડોળાસાનું ચંદ્રભાગા, માલગામની શાંગાવાડી, સીમાસીની રૂપેણ અને માઢ નદીમાં ફરી પાણીની આવક વધી ગઈ છે. આલીદર ગામે આવેલ ભંગેસ્વર તળાવ અને ચીખલી ગામે આવેલ "પાંચ પીપળવા" ડેમ ફરી ઓવરફ્લો થયો છે. આ ઉપરાંત ગામે ગામ આવેલા નાના મોટા તળાવો પાણીથી છલકાયા છે અને ખેતરો પણથી લબાલબ ભર્યા છે.

# શ્રી લોહાણા મહાજન દ્વારા સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૪ના કાર્યક્રમ જોગ

જૂનાગઢ, તા.૨૯

શ્રી લોહાણા મહાજન - જૂનાગઢ દ્વારા હવામાન ખાતાની આગામી ત્રણ-ચાર દિવસ દરમ્યાન ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહીને ધ્યાને લઈ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓની સલામતીને ધ્યાને લઈ સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૪ અને વિશિષ્ટ સિદ્ધિ સન્માન સમારોહ– ૨૦૨૪ના ઈનામ વિતરણનો કાર્યક્રમ તા.૧/૯/૨૦૨૪ને રવિવારના બદલે તા.૮.૯.૨૦૨૪ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે શ્રી લોહાણા મહાજન વાડી ખાતે રાખવામાં આવેલ છે. વધુમાં,શ્રી લોહાણા મહાજન – જુનાગઢ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૪માં જે વિદ્યાર્થીઓનો પ્રથમ ત્રણ ક્રમાંકમાં સ્થાન ના હોઈ તેઓઓના પ્રમાણપત્ર અને કીટ વિતરણ તા.૭.૯.૨૦૨૪ના રોજ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાકે તેમજ સાંજે ૪.૦૦ થી ૭.૦૦ કલાક દરમ્યાન શ્રી લોહાણા મહાજન ખાતે કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# દુષ્કર્મ પર રાજકારણ

અયોધ્યાના પૂરા કલંદર થાણા ક્ષેત્રમાં માત્ર ૧૨ વર્ષની સગીરા સાથે સામુહિક દુષ્કર્મ કરવા અને તેનો વીડિયો બનાવીને બ્લેકમેલ કરવાની ઘટના બહુ જ ઘૃણાસ્પદ અને માનવતાને નીચાજોણું કરાવનારી છે. લગભગ અઢી મહિના પહેલાં એક દિવસે પીડિતા મજૂરી કરીને ઘરે પાછી ફરતી હતી, ત્યારે એક સપા નેતા મોઈદ ખાન, જેમને અયોધ્યાના સપા સાંસદની નજીકના ગણાવાય છે, તેની બેકરીમાં કામ કરનારો કર્મચારી તેને ફોસલાવીને બેકરીમાં લઈ જાય છે અને નશીલી દવા ખવડાવીને બંને તેની સાથે દુષ્કર્મ કરે છે. આ હેવાનિયતનો ખુલાસો ત્યારે થયો જ્યારે ગત ૨૯ જુલાઈએ પીડિતાના પેટમાં ભારે દુઃખાવો શરૂ થયો, જેની તપાસમાં ખબર પડી કે તે બાર અઠવાડિયાની ગર્ભવતી છે. વાત ફેલાઈ તો એક વિશેષ સમાજના લોકોમાં તો આક્રોશ ફેલાયો જ, સાથે જ ઘટનાએ રાજકીય રંગ લેવાનું પણ શરૂ કરી દીધું.

અસલમાં જ્યારે પીડિતા સમાજના કોઈ કમજોર વર્ગની હોય, તો રાજકીય પક્ષો પણ તેમાં અવસર જોઈને એક ખાસ પ્રકારની રાજનીતિ શરૂ કરી દે છે. મહિલાઓ વિરુદ્ધ થનારા અપરાધોની રાષ્ટ્રીય સરેરાશને જોઈએ તો ૨૦૧૭થી ૨૦૨૨ દરમ્યાન ઉત્તર પ્રદેશમાં એવા અપરાધોમાં ઘણો ઘટાડો થયો છે. રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરો (એનસીઆરબી)ના રિપોર્ટ અનુસાર પણ ઉત્તર પ્રદેશમાં દુષ્કર્મના કેસોમાં લગભગ પચીસ ટકાનો ઘટાડો આવ્યો છે અને આંકડા જોઈએ તો આ મામલે ઉત્તર પ્રદેશની સ્થિતિ લગભગ સોળ રાજ્યો કરતાં બહેતર છે. પરંતુ આવી ઘટનાઓ દર્શાવે છે કે વિકાસના બીજા માપદંડોમાં ભલે આપણે ઉપર જવાનો દાવો કરતા હોય, પરંતુ આપણી સામૂહિક નૈતિકતા હજુ પણ સવાલોના દાયરામાં છે. એવા મામલે, સમાજમાં મહિલાઓ અને બાળકીઓની સુરક્ષા પર પણ ગંભીર ચિંતનની જરૂરિયાતને રેખાંકિત કરે જ છે, એ પણ દર્શાવે છે કે આપણી માનસિકતામાં હજુ પણ બદલાવની જરૂર છે.

નિમ્ન દરજ્જાની આ અમાનવીયતાને અંજામ આપવા મામલે યોગી સરકારે એક્શનમાં આવતાં આરોપી સપા નેતા મોઈદ ખાન અને તેના નોકરની ધરપકડ કરી લીધી છે, ગેરકાયદે નિર્માણના આરોપમાં તેની બેકરી પર બુલડોઝર પણ ફેરવી દીધું છે, જેનાથી મહિલાઓ પ્રત્યે થનારા અપરાધોને લઈને પ્રદેશના મુખ્યમંત્રીની સર્વોચ્ચ પ્રાથમિકતામાં આવનારી 'ઝીરો ટોલરન્સ'ની નીતિની પુષ્ટિ થાય છે. પરંતુ હવે અપરાધીઓને આકરી સજા અપાવવા માટે ફરિયાદ પક્ષ અને ન્યાય પ્રણાલીનું ઝડપી ગતિથી કામ કરવું પણ જરૂરી છે, કારણ કે તેમાં વિલંબ કરવાથી પીડિતા અને તેના પરિવારની માનસિક યાતના વધશે, અને સમાજમાં અપરાધીઓનો જુસ્સો પણ બુલંદ થશે.

## દ્વારકા નજીક ભારતીય તટરક્ષક દળે ૧૩ માછીમારોને બચાવ્યા

દેવભૂમિ દ્વારકા,તા.૨૯

દેવભૂમિ દ્વારકામાં બારેમેઘ ખાંગા થયા છે. જામખંભાળિયામાં તો આભ ફાટ્યાની સ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદને કારણે રાજ્યના દરિયામાં પણ કરંટ જોવા મળ્યો હતો. દરિયો ગાંડોતૂર થયો હતો. ઓખામાં ભારે કરંટ વચ્ચે એક બોટ ફસાયેલી હતી દેવભૂમિ દ્વારકામાં બારેમેઘ ખાંગા થયા છે. જામખંભાળિયામાં તો આભ ફાટ્યાની સ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદને કારણે રાજ્યના દરિયામાં પણ કરંટ જોવા મળ્યો હતો. દરિયો ગાંડોતૂર થયો હતો. ઓખામાં ભારે કરંટ વચ્ચે એક બોટ ફસાયેલી હતી. આ બોટે મદદ માટેનો સંદેશો વહેતો કરતા ભારતીય તટરક્ષક દળે તેમને બચાવ્યા હતા. આ બોટમાં સવાર ૧૩ માછીમારોને મોતના મુખમાંથી કોસ્ટગાર્ડ દ્વારા મધરાતે બચાવ્યા હતા. તોફાની દરિયામાં કોસ્ટ ગાર્ડે દિલધડક રેસ્ક્યુ ઓપરેશન કરીને આ માછીમારોનો જીવ બચાવ્યો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સ્ત્રીનો શણગાર એ લજ્જા છે.

- ચાણક્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ વદ-૧૧ બૃહસ્પતિ પૂજન, અજા એકાદશી તા.૨૯ ઓગષ્ટ ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૨૪, આર્દ્રા નક્ષત્ર, સિધ્ધિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૩૩, સૂ.અ.૭:૧૧

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક તાણ હળવી બને. પુરૂષાર્થનું ફળ મળે.
વૃષભ:મહત્વના નિર્ણયો અમલમાં ન મૂકવા હિતાવહ. ગૃહવિવાદ.
મિથુન:વિશેષ કાર્યબોજ રહે. માનસિક અસ્વસ્થતા રહે.
કર્ક: મનમાં મૂંઝવણ રહે. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.
સિંહ: વ્યર્થ વ્યાધિનો સામનો કરવો પડે. માનસિક અશાંતિ રહે.
કન્યા: મુશ્કેલીમાં માર્ગ મળી રહે. નવિન લાભદાયક સમાચાર મળે.
તુલા: હળવાશ અને પ્રસન્નતાનો અનુભવ થાય.
વૃશ્ચિક:આકસ્મીક ધન લાભ મળે. પુરૂષાર્થથી શુભ ફળ મેળવી શકશો.
ધન: વ્યર્થ ચિંતામાં દિવાસ વ્યતિત થાય. કાર્યોમાં રૂકાવટ આવે.
મકર: જીવનસાથી સાથે સંઘર્ષ થાય. માનભંગનો પ્રસંગ બને.
કુંભ: આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે. પ્રવાસમાં હાનિનો સંભવ.
મીન: મહત્વના કાર્યમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.

### ૨૯ ઓગસ્ટ- નેશનલ સ્પોર્ટ્સ ડે

# ગીર સોમનાથનું સરખડી ગામ 'વોલીબોલ વીલેજ'



(પ્રતિનિધિ દ્વારા)

ગીર સોમનાથ તા. ૨૯

વર્ષ ૧૯૯૦માં ઘાઘરો શર્ટ, બંગડી, છડા અને સ્લીપર પહેરેલી ટીમ મેઘરજ મુકામે વોલીબોલ રમવા પહોંચી અને અમદાવાદ સામે પ્રથમ રાઉન્ડ ૧૫-૦, ૧૫-૩ થી હારી ત્યારે રમતના આયોજકોએ ટીમ લઈને જનાર કોચ વરજંગ વાળાને સંભળાવ્યું કે, 'હું હાલી નીકળ્યા છો..?'

બસ આ અપમાનજનક શબ્દો કાને પડતા જ શ્રી વરજંગ વાળા સાચા અર્થમાં હોકીની રમત માટે 'સરખડી' ગામને વૈશ્વિક કક્ષાએ ઉજાગર કરવા હાલી નીકળ્યા.. અને આજે સરખડી એક એવું ગામ છે જ્યાંથી ૩૦૦ જેટલા ખેલાડીઓ રાષ્ટ્રીય કક્ષાએ વોલીબોલની રમત રમી ચૂક્યા છે... સાથે જ, ૪ બહેનો આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ પોતાનું કૌવત બતાવી ચૂકી છે. જે પૈકી ૨ બહેનો કિંજલ વાળા અને ચેતના વાળા ભારતીય ટીમના કેપ્ટન પદે પણ રહી ચૂકી છે.

સરખડી અને વરજંગ વાળાની સફર અત્યંત રોચક છે... ભૌગોલિક દ્રષ્ટીએ સરખડી ગામ સરનામું બદલતું રહ્યું છે, બદલાતા સરનામાની સાથે સાથે વોલીબોલ પ્રત્યેનો ગામનો અભિગમ પણ બદલાતો રહ્યોં છે. શરૂઆતમાં એટલે કે વર્ષ ૧૯૯૦ના સમયગાળામાં સરખડી અમરેલી જિલ્લામાં હતું. લગભગ ૧૯૯૭-૯૮માં તે જૂનાગઢમાં ગયું અને હાલ ગીર સોમનાથ જિલ્લામાં છે. અંદાજે ૫ હજારની વસતિ ધરાવતા આ ગામમાં મહત્તમ વસતિ કારડીયા રાજપૂત અને કોળી સમાજની છે. તે પછીના ક્રમે અનુ.જાતિ, થોડા બ્રાહ્મણ, અને થોડા મૂસ્લિમ સમાજના લોકો સંપીને રહે છે. વોલીબોલની રમત માટે ગામના લોકોમાં અજીબોગરીબ સંપ છે.

શ્રી વરજંગભાઈ વાળા વર્ષ ૧૯૮૮માં સ્થાનિક શાળામાં પી.ટી શિક્ષક તરીકે જોડાયા. શ્રી વરજંગભાઈ કહે છે કે, 'એ વખતે ગામમાં લાજપ્રથા બહુ ચુસ્તપણે અમલમાં હતી, અને એટલે દીકરીઓને પણ સંકોચ બહુ થતો. ગામમાં નળીયાવાળા ઘરમાં રહેતા લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજૂરી હતો. દીકરીઓને ઘર સફાઈ-ખેતીકામ-નિંદામણ-પાણી ભરવા જવું પડતું. બહુ મથામણ પછી, મહિલા વોલીબોલ ટીમ તૈયાર કરી અને વર્ષ ૧૯૯૦માં તે સમયે સાબરકાંઠા જિલ્લાના મેઘરજમાં શાળાકીય સ્પર્ધામાં રાજ્યકક્ષાએ રમવા ઉતારી... દીકરીઓ ઘાઘરો, શર્ટ, બંગડી, છડા અને સ્લીપર એમ પરંપરાગત વસ્ત્રોમાં જ રમવા ગઈ હતી, ટીમ આયોજકોએ દીકરીઓને સ્લીપર કાઢીને રમવાની ફરજ પાડી..અને અધુરામાં પૂરું અમદાવાદની ટીમ સામે ૧૫-૦, ૧૫-૩ થી હારી ગઈ, ત્યારે રમતના આયોજકોએ મને સંભળાવ્યું કે, 'હું હાલી નીકળ્યા છો..? આ શબ્દો મને હાડોહાડ લાગી ગયા...અને ત્યાંથી જ શરુ થઈ દીકરીઓને પરંપરાગત વસ્ત્રોના બદલે ટીશર્ટ-લોઅર-શૂઝ પહેરાવી હોકી રમતી કરવાની અને રાષ્ટ્રીય કક્ષાએ પહોંચાડવાની યાત્રા', એમ તેઓ ઉમેરે છે.

શાળામાં આવતી દીકરીઓને વોલીબોલ રમાડવાનો પ્રયાસ શરુ કર્યો પરંતુ દીકરીઓ રમે એ તેમના વાલીઓને પસંદ નહતું. અમે પહેલા મારા પરિવારની દીકરીઓને આમાં જોડી, પછી ધીમે ધીમે ગામની અન્ય દીકરીઓ પણ જોડાઈ... દીકરીઓને શાળા સમય દરમ્યાન વોલીબોલ રમાડવાનું શરુ કર્યું, શાળા છૂટ્યા પછી તો એ શક્ય જ નહતું... વોલીબોલની રમત શું છે ? અને તેનાથી શું ફાયદો થાય ? તે સમજાવતા સમજાવતા નાકે દમ આવી ગયો.

'મારુ ઘર શાળાથી માત્ર ૨૦૦ મીટર જ દૂર હતું. દીકરીઓ કસમયે રમવા આવે તે તો શક્ય જ નહતું, એટલે સવારે ૫.૩૦ થી ૭.૩૦ અને સાંજે ૬.૩૦ થી ૮.૩૦નો સમય ભાઈઓ માટે રાખ્યો અને અજવાળે અજવાળે દીકરીઓ રમી શકે તે માટે સવારે ૭.૩૦ થી ૯.૦૦ અને સાંજે ૪.૩૦ થી ૬.૩૦ નો સમય દીકરીઓને પ્રેકટિસ કરાવતો... રમતના માધ્યમથી ગામની અને કંઈક અંશે દીકરીઓની સંકુચિતતા દૂર થઈ. શરૂઆતમાં ગામની માત્ર ૩-૪ છોકરીઓ ટીમમાં સામેલ થઈ શકતી અને ધીમેધીમે આ સંખ્યા ૭-૮ સુધી પહોચી. આજે સરખડીમાં જ કુલ ૧૦૦ રમતવીરો પૈકી ૩૦-૪૦ છોકરાઓ અને ૬૦ જેટલી દીકરીઓ તાલીમ લે છે. વર્ષ ૨૦૦૬માં નેશનલ સ્કૂલ ગેમ્સમાં ગુજરાતને વોલીબોલમાં પ્રથમ ગોલ્ડ મેડલ મળ્યો એમાં ટીમમાં ૧૨ સભ્યો સરખડી અને ચરાડા ગામની જ હતી... તાલીમ અને ધ્યાન વધતા ગયા.. પ્રતિ વર્ષ મેડલ મળતા ગયા અને વધતા પણ ગયા...વર્ષ ૨૦૧૫-૧૬માં ચંડીગઢમાં ૪૧મી જૂનિયર નેશનલ ચેમ્પિયનશીપ યોજાઈ, તેમાં ૧૨ પૈકી રમનાર છ એ છ દીકરીઓ સરખડીની જ હતી.. ફાઈનલમાં પહોંચ્યા... સામે કેરાલાની ટીમ હતી... ઓડીયન્સમાંથી સતત સૂત્ર સ્વરૂપે અવાજ ઉઠતા..'એક તરફ ગાંવ, એક તરફ દેશ..' આ સાંભળી મારી છાતી ગદગદ ફૂલતી હતી, અમે જીત્યા પણ ખરા... એ વખતે મેચના એનાઉન્સરે એક વાક્ય ઉચ્ચાર્યું કે, '' ગુજરાતની ટીમ છેક અહીં સુધીપહોંચી છે તેમાં ગુજરાત સરકારની સ્પોર્ટ્સ પોલીસીની મહત્વની ભૂમિકા છે...'' આ મારા માટે ગૌરવપૂર્ણ ક્ષણ હતી, એમ શ્રી વરજંગભાઈ ઉમેરે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરખડી પ્રાથમિક શાળામાં ઈન સ્કૂલ યોજના ચાલે છે, અને રમત પ્રતિભા સંવર્ધન કેન્દ્રમાં હાલ અનેક દીકરીઓ વિશેષ તાલીમ લઈ રહી છે. જો કે શ્રી વરજંગભાઈવાળા વર્ષ ૨૦૨૨માં નિવૃત્ત થઈ ગયા છે પરંતુ વોલીબોલ રમતી દીકરીઓને રાષ્ટ્રીય કક્ષાએ સ્થાન મળે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ છે.

સો સો સલામ છે આવા વોલીબોલ વીરને...

### ૧૭ વર્ષમાં અંદાજે ૧૫.૫૨ લાખથી વધુના જીવ બચાવાયા

# ૧૦૮ એમ્બ્યુલન્સ ઈમરજન્સી સેવા- ૨૯મી ઓગસ્ટે ૧૭ વર્ષ પરિપૂર્ણ

## આપત્તિનાં સમયમાં લાખો લોકોના જીવન બચાવનાર ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા જીવાદોરી સમાન બની ગઈ છે



ગાંધીનગર, તા.૨૯

રાજ્યમાં મેડિકલ ઈમરજન્સીને પહોંચી વળવા માટે ૨૦૦૭માં શરૂ થયેલી ૧૦૮ ઈમરજન્સી સેવાને આગામી ૨૯મી ઓગસ્ટે ૧૭ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. ૧૦૮ ઈમરજન્સી સેવા ૨૯ ઓગસ્ટ ૨૦૦૭ના રોજ શરૂ થઈ હતી. એક જ કોલમાં દર્દીને હોસ્પિટલ સુધી પહોંચાડનારી આ સેવા થકી ૧૭ વર્ષમાં અંદાજે ૧૫.૫૨ લાખથી વધુ લોકોના જીવ બચ્યા છે, જ્યારે અત્યાર સુધીમાં ૧.૪૩ લાખ બાળકોનો જન્મ એમ્બ્યુલન્સમાં થયો છે.

ગુજરાતમાં આપત્તિગ્રસ્ત અને આપાતકાલીન સ્થિતિમાં કોઈ પણ સ્થળે અને કોઈ પણ સમયે તાત્કાલિક મેડીકલ સારવાર અને મદદ માટે સૌ ના હૈયે અને હોઠે ચડતો એકમાત્ર ટોલ ફ્રી નંબર એટલે ૧૦૮ ઈમરજન્સી મેડિકલ સર્વિસ. ૨૯ ઓગસ્ટનો એ ઐતિહાસિક દિવસ કે જ્યારે ૧૦૮ સેવાનો ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમવાર શુભારંભ થયો હતો. આપત્તિનાં સમયમાં લાખો લોકોના જીવન બચાવનાર ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા જીવાદોરી સમાન બની ગઈ છે.

રાજયના નાગરિકોના આરોગ્યના હિત માટે વર્ષ ૨૦૦૭માં ઈમરજન્સી તાકીદની સ્થિતમાં જરૂરિયાતમંદ ગંભીર બીમાર કે ઈજાગ્રસ્ત વ્યક્તિને ઝડપથી હોસ્પિટલ પહોચાડવા માટે નિઃશુલ્ક એમ્બ્યુલન્સ પરિવહનની સુવિધા પૂરી પાડવા અને તમામ પ્રકારની મેડિકલ ઈમરજન્સી જેવી કે હૃદયરોગ, કેન્સર, કીડની, પ્રસૂતિ સંબંધિત, ઝેરી જીવજંતુ કરડવું, મારામારીમાં ઘવાયેલ, ગંભીર બીમારી અને દાઝી જવાથી થતી ગંભીર ઈજાઓ, રોડ અકસ?માતમાં ગંભીર ઈજાગ્રસ્ત, બીમાર નવજાત શિશુ વગેરે જેવી મેડિકલ ઈમરજન્સીમાં ૨૪ કલાક કાર્યરત અદ્યતન એમ્બ્યુલન્સ સેવા નિઃશુલ્ક મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા ૧૦૮ સેવાની શરૂઆત ૨૯ ઓગસ્ટ ૨૦૦૭ના રોજ કરવામાં આવી હતી. આ ૧૦૮ યોજનાનું લોકાર્પણ આપણા હાલના વડાપ્રધાન તથા તત્કાલીન ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૦૭માં શરૂ કરાયેલી આરોગ્યલક્ષી ૧૦૮ ઈમરજન્સી સેવાનું માળખું આજે અન્ય રાજ્યો માટે એક આદર્શ મોડલ તરીકે પ્રસ્થાપિત થયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના સફળ માર્ગદર્શન હેઠળ ગુજરાતના તમામ જિલ્લાનાં શહેરો, તાલુકા અને છેવાડાનાં ગામ સુધી આજે ૧૦૮ ઈમરજન્સી સેવા **24x7** વિનામૂલ્યે ઉપલબ્ધ થઈ રહી છે, જે ગુજરાતના નાગરિકો માટે આશીર્વાદ સમાન છે. રાજ્યકક્ષાના અદ્યતન ટેક્નોલૉજીસભર સ્ટેટ-ઓફ-આર્ટ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર અમદાવાદના નરોડા કઠવાડા ખાતે પ્રસ્થાપિત કરીને ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા અસરકારક રીતે અમલીકરણ કરવામાં આવી છે.

૧૦૮ જીવીકે ઈએમઆરઆઈના ચીફ ઓપરેટિંગ ઓફિસર જશંવત પ્રજાપતિના જણાવ્યા અનુસાર, ૨૦ ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા થકી ૧.૬૩ કરોડ કરતા વધારે લોકોને કટોકટી (મેડિકલ)ના સમયમાં સેવા, ૨.૩૧ લાખથી વધુ પોલીસ અને ૬ હજારથી વધુ ફાયર આમ, કુલ ૧.૬૬ કરોડથી વધુ કોલ એટેન્ડ કરીને સેવા આપવામાં આવી છે. એટલું જ નહીં, ૧૫.૫૨ લાખથી વધુ વિકટ પરિસ્થિતિમાં મુકાયેલી મહામૂલી માનવ જિંદગીઓનો બચાવ કરવામાં આવ્યો છે. જ્યારે ૫૫.૨૫ લાખ કરતાં વધારે પ્રસૂતા માતાને કટોકટીની સ્થિતિમાં તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટાફ દ્વારા ૧,૪૩,૪૩૨થી વધુ ઘટના સ્થળે પ્રસૂતિઓમાં મદદ કરવામાં આવી છે. ૧૦૮ સેવા માટે આવતા કોલ્સ પૈકી મોટાભાગના કોલ્સ પ્રસૂતા માતાઓ માટે ઈમરજન્સી સેવાને લગતા હોય છે. ગુજરાત રાજ્યમાં માતા અને બાળ મૃત્યુદરના સૂચકાંકને લગતા સરકારના લક્ષ્યાંકોને સિદ્ધ કરવામાં ૧૦૮ સેવાનો મહત્ત્વનો ફાળો રહ્યો છે.

આ ઉપરાંત રોડ અકસ્માત સંબંધિત ૨૦ લાખ ૨૮ હજારથી વધુ ઈમર્જન્સી તેમજ ૧૬ લાખ ૩૮ હજારથી પણ વધુ લોકોને તાત્કાલિક સારવાર આપીને તેમના જીવ બચાવવામાં આવ્યા છે. આ સિવાય ૧૭ લાખ ૨૨ હજારથી વધુ કોલ્સ પેટમાં દુખાવાની તકલીફની ફરિયાદના, ૭ લાખ ૮૪ હજારથી વધુ કોલ્સ હૃદયરોગ સંબંધિત ઈમરજન્સી માટે, ૯ લાખ ૮ હજારથી વધુ કોલ્સ શ્વાસ લેવામાં પડેલી તકલીફ તેમજ ૭ લાખ ૧૪ હજારથી વધુ કોલ્સ ભારે તાવની ફરિયાદને લઈને મળ્યા છે. અત્યાર સુધીમાં ૫૧.૩૫ કરોડથી વધારે એમ્બ્યુલન્સના કિલોમીટરનું સંચાલન કરવામાં આવ્યું છે.

આ તકે લોકોને એક અપીલ કરવાનું મન થાય કે જ્યારે પણ ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની સાયરન વાગે ત્યારે ત્વરિત તેને રસ્તો આપી દેવી જોઈએ, કારણ ૧૦૮ની સાયરન એ માત્ર સાયરન જ નહિ પણ કોઈના દિલની ધડકન હોય છે.

### હાલમાં રૂપિયા ૯૫,૦૦૦નું વેતન આપવામાં આવે છે

# કરાર આધારિત સરકારી તજજ્ઞ તબીબોનો પગાર વધારીને રૂા. ૧.૩૦ લાખ કરાયો

## વેતન ઉપરાંત મેજર અને માઈનોર સર્જરી માટે જે દર ચુકવવામાં આવે છે તે રૂા. ૩૦૦ થી વધારીને હવેથી પ્રતિ સર્જરી દીઠ રૂા. ૨૦૦૦ સુધીની પ્રોત્સાહક રકમ આપવામાં આવશે



અમદાવાદ,તા.૨૯

સર્જરી સાથે સંકળાયેલા તજજ્ઞ તબીબોને પ્રતિ માસ મળતા વેતન ઉપરાંત મેજર અને માઈનોર સર્જરી માટે જે દર ચુકવવામાં આવે છે તે રૂા. ૩૦૦ થી વધારીને હવેથી પ્રતિ સર્જરી દીઠ રૂા. ૨૦૦૦ સુધીની પ્રોત્સાહક રકમ આપવામાં આવશે.

ગુજરાતમાં કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, સબ ડિસ્ટ્રીકટ અને ડિસ્ટ્રીસ્ટ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા કરાર આધારિત ખાનગી પ્રેક્ટિસ વગરના તજજ્ઞ તબીબોને હાલમાં રૂપિયા ૯૫,૦૦૦નું વેતન આપવમાં આવે છે. ગુજરાત સરકારે આ વેતનમાં વધારો કરીને હવેથી રૂ. ૧,૩૦,૦૦૦ લાખ પ્રતિ માસ ચૂકવવાનો નિર્ણય કર્યો છે. ગુજરાતમાં કરાર આધારિત તબીબોને ખાનગી પ્રેક્ટિસ કરવાની છૂટ આપવામાં આવતી નથી. આથી ખાનગી પ્રેક્ટિસ વગર કરાર આધારિત સેવા આપતા તજજ્ઞ તબીબોના પ્રતિ માસના વેતનમાં માતબર રકમનો વધારો કરાયો છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે કરેલા નિર્ણય અનુસાર, જે તબીબ ખાનગી પ્રેક્ટિસ કરતા નથી અને સરકારી દવાખાનામાં કરાર આધારિત ફરજ બજાવે છે તેમને રૂ. ૯૫૦૦૦ પ્રતિ માસ વેતન આપવામાં આવે છે, આ વેતનમાં વધારો કરીને હવેથી તેમને પ્રતિ માસ રૂા.૧,૩૦,૦૦૦ આપવાનું સરકારી ઠરાવ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. એટલે કે અંદાજે ૩૭ % જેટલો પગાર વધારો કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત સર્જરી સાથે સંકળાયેલા તજજ્ઞ તબીબોને પ્રતિ માસ મળતા વેતન ઉપરાંત મેજર અને માઈનોર સર્જરી માટે જે દર ચુકવવામાં આવે છે તે રૂા. ૩૦૦ થી વધારીને હવેથી પ્રતિ સર્જરી દીઠ રૂા. ૨૦૦૦ સુધીની પ્રોત્સાહક રકમ આપવામાં આવશે. વધુમાં કરાર આધારિત સેવારત એનેસ્થેટીસ્ટ તબીબોને પણ પ્રોત્સાહક રકમના ૫૦ ટકા રકમ પ્રતિ સર્જરી આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. જ્યારે સર્જીકલ તજજ્ઞો સિવાયના અન્ય તજજ્ઞોને **PMJAY**ના પ્રવર્તમાન ધારા-ધોરણો મુજબ જ ઈન્સ્ટેન્ટિવ મળવાપાત્ર બનશે.

રાજ્ય સરકારના ઠરાવ પ્રમાણે જનરલ સર્જરી, ઓર્થોપેડિક્સ, ગાયનેકોલોજીસ્ટ અને ઈ.એન.ટીને લગતી વિવિધ મેજર સર્જરી માટે રૂ. ૨૦૦૦ અને રૂા. ૧૨૫૦ તેમજ માઈનોર સર્જરી માટે રૂા. ૬૦૦ અને રૂ. ૩૦૦ પ્રતિ સર્જરી તબીબોને ચૂકવવામાં આવશે.

# રાજ્યના ગેરકાયદેસર બાંધકામોને અધિકૃત કરવા સરકાર દ્વારા વધુ રાહતો જાહેર કરાઈ



ગાંધીનગર,તા.૨૯

રાજયમાં ગેરકાયદેસર બાંધકામોને અધિકૃત કરવા માટે છેલ્લા ઘણા સમયથી રાજય સરકાર પ્રયાસો કરી રહી છે. જેમાં અગાઉ ઈમ્પેકટ ફી ભરીને કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરાઈ હતી. દરમ્યાન ૨૦૨૨ના ઈમ્પેકટ કાયદાનો લોકો વધુને વધુ ઉપયોગ કરી બાંધકામ કાયદેસર કરે તે માટે મુખ્યમંત્રીએ વધુ નિર્ણયો લીધા છે એટલે કે વધુ રાહતોની જાહેરાત કરી છે. ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા અધિનિયમ ૨૦૨૨ને વ્યાપક પ્રતિસાદ મળે અને વધુમાં વધુ લોકોએ અધિનિયમનો લાભ મેળવી શકે તેવા જનહિતકારી અભિગમથી મુખ્યમંત્રીએ આ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રીએ એવો નિર્ણય કર્યો છે કે, ગામતળ વિસ્તારમાં બિન રહેણાક બિન અધિકૃત બાંધકામના વપરાશ કરતા લોકોના ૪.૫ એફએસઆઈ સુધીના બિન અધિકૃત બાંધકામો હવે નિયમિત થઈ શકશે. બિન અધિકૃત રહેણાંક માટે ૨૦૦૦ ચો.મીટર સુધીના ખુટતાં પાર્કિંગ માટે અને બિન અધિકૃત બિન રહેણાક માટે ૧૦૦૦ ચો.મીટર સુધીના ખુટતા પાર્કિંગ માટે ફી લઈને બિન અધિકૃત બાંધકામ નિયમિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. અગાઉ ખૂટતા પાર્કિંગના ૫૦ ટકા જે તે પ્લોટમાં અથવા તો ૫૦૦ મીટરની હદમાં પાર્કિંગની જોગવાઈ કરવી ફરજિયાત હતી અને બાકીના ૫૦ ટકા ખુટતા પાર્કિંગ માટે ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા અધિનિયમ ૨૦૨૨ના જાહેરનામાંથી પાર્કિંગ નિયમિત કરવા માટેની નક્કી કરાયેલી ફી વસુલ લઈને બિનઅધિકૃત બાંધકામ નિયમિત કરવાની પ્રવર્તમાન જોગવાઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઈમ્પેકટ ફી અંગેના કરેલા આ મહત્વપૂર્ણ નિર્ણયો નિયમાનુસારની કાર્યવાહીને અનુસરીને ટૂંક સમયમાં અમલી કરાશે. ગામતળ વિસ્તારમાં બિન રહેણાંક બિન અધિકૃત બાંધકામના વપરાશ કરતા લોકોના ૪.૫ એફએસઆઈ સુધીના બિન અધિકૃત બાંધકામો હવે નિયમિત થઈ શકશે. એટલે કે સરકાર દ્વારા વધુ છુટ આપવામાં આવી છે. આ સાથે ખુટતા પાર્કિંગ માટે પણ અગાઉના ૫૦ ટકા પ્લોટ વગેરે મુદ્દાને વધુ વિસ્તારીને વધુ લાભ થાય તે રીતની રાહત કરી આપવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી રાજયમાં હજારો ગેરકાયદેસર બાંધકામો નિયમિત થવા માટેનો માર્ગ મોકળો બનશે. ત્યારે હવે તેનો લાભ કેટલા લોકો લે છે તે જોવું રહ્યું.

# આચાર્યની ભરતી માટે વેરિફિકેશન પૂર્ણ : હવે ટૂંકમાં મેરિટ જાહેર કરાશે

**● સમગ્ર રાજ્યમાંથી ૧૨૫૦ જેટલા ઉમેદવારોએ આચાર્ય બનવા માટે ફોર્મ ભર્યા હતા ● મેરિટ લિસ્ટ જાહેર કરાયા બાદ શાળા પસંદગીની કાર્યવાહી કરવામાં આવશે**

અમદાવાદ, તા.૨૯

શિક્ષણ વિભાગ દ્વારા આચાર્યની ભરતી માટે હાથ ધરેલી કાર્યવાહીમાં ૧૨૫૦ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જેમાં ફોર્મ ભરનારા ઉમેદવારોનું વેરિફિકેશન પૂર્ણ થયા બાદ હવે શાળાની ફાળવણીની કાર્યવાહી ટૂંક સમયમાં કરવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. જોકે, તે પહેલા જિલ્લા કક્ષાએ વાંધાઓના નિકાલની કાર્યવાહી કરાશે અને ત્યારબાદ પ્રોવિઝનલ મેરિટ યાદી જાહેર કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ગ્રાન્ટેડ સ્કૂલોમાં આચાર્યની ખાલી પડેલી ૧૨૦૦ જેટલી જગ્યાઓ ભરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જોકે, કેટલાક સ્થળે કોર્ટ મેટર ચાલતી હોવાના પગલે ૯૦૦ જેટલી બેઠકો ભરાય તેવી શક્યતા છે. રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૧ ઓગસ્ટના રોજ સત્તાવાર જાહેરાત આપી રાજયમાં ૧૨૦૦ જેટલા આચાર્યની ભરતી માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં રાજયની શિક્ષણ વિભાગ હસ્તકની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યોની ખાલી જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા માટે રાજ્ય સરકારના સ્થાયી ઠરાવો મુજબ શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત તેમજ નિયત અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ મગાવવાનું નક્કી કરાયું હતું. રાજ્યમાં આવેલી ગ્રાન્ટેડ સ્કૂલોમાં આચાર્યની ભરતી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૦૨૨માં લેવાયેલી HMAT પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલા અને નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ ૫ ઓગસ્ટથી ૧૭ ઓગસ્ટ સુધી ઓનલાઈન અરજી કરવાની હતી. ઓનલાઈન અરજી કરવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ સમગ્ર રાજ્યમાંથી ૧૨૫૦ જેટલા ઉમેદવારોએ આચાર્ય બનવા માટે ફોર્મ ભર્યા હતા. ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ફોર્મનું જિલ્લા કક્ષાએ વેરિફિકેશન કરવામાં આવ્યું હતું. વેરિફીકેશનની કાર્યવાહી પણ પૂર્ણ કરી દેવામાં આવતા હવે જિલ્લા કક્ષાએ વાંધાઓનો નિકાલ કરાશે. ત્યારબાદ સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં પ્રોવિઝનલ અને ફાઈનલ મેરિટ જાહેર થયા બાદ શાળા પસંદગીની કાર્યવાહી કરાશે.

# કેન્દ્ર સરકારની મોટી જાહેરાત, લદ્દાખમાં બનાવશે નવા ૫ જિલ્લા

(એજન્સી) તા.૨૯

તાજેતરમાં લદ્દાખને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે જાહેરાત કરી કે, કેન્દ્ર સરકાર લદ્દાખમાં પાંચ નવા જિલ્લા બનાવશે. આ નવા જિલ્લાઓ ઝંસ્કર, દ્રાસ, શામ, નુબ્રા અને ચાંગથાંગ છે. અમિત શાહે કહ્યું કે, આ પગલું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત અને સમૃદ્ધ લદ્દાખના વિઝનને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે X ઉપર પોસ્ટ કરીને કહ્યું કે, એક વિકસિત અને સમૃદ્ધ લદ્દાખના નિર્માણના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને આગળ વધારતા MHA એ કેન્દ્રશાસિત પ્રદેશમાં પાંચ નવા જિલ્લા બનાવવાનો નિર્ણય લીધો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઝંસ્કર, દ્રાસ, શામ, નુબ્રા અને ચાંગથાંગ નામના નવા જિલ્લા દરેક ખૂણે-ખૂણે શાસનને મજબૂત કરીને લોકો માટે બનાવેલા લાભોને તેમના ઘર સુધી પહોંચાડશે. અમિત શાહે કહ્યું કે, મોદી સરકાર લદ્દાખના લોકો માટે વિપુલ તકો ઊભી કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, નવા જિલ્લાઓ પાયાના સ્તરે શાસનને મજબૂત કરીને લોકો માટેના લાભો તેમના ઘર સુધી પહોંચાડશે. આ જાહેરાત લદ્દાખ માટે એક મહત્વપૂર્ણ વિકાસ છે, કારણ કે નવા જિલ્લાઓ વહીવટનું વિકેન્દ્રીકરણ કરશે અને લોકો માટે સરકારી સેવાઓનો ઉપયોગ કરવાનું સરળ બનાવશે. દૂરના અને દુર્ગમ વિસ્તારોમાં રહેતા લોકોને હવે આરોગ્યસંભાળ, શિક્ષણ અને રોજગારની તકો જેવી પ્રાથમિક સુવિધાઓની વધુ સારી પહોંચ મળશે. આ જાહેરાતની પહેલા લદ્દાખમાં માત્ર બે જ જિલ્લાઓ હતા લેહ અને કારગીલ. મોટી વસ્તી, ભૌગોલિક વિસ્તાર અને વિકાસની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પાંચ નવા જિલ્લાઓની રચનાને પ્રગતિશીલ પગલું માનવામાં આવી રહ્યું છે. આનાથી ન માત્ર વહીવટી કાર્યક્ષમતામાં સુધારો થશે પરંતુ સ્થાનિક લોકો માટે બહેતર શાસન અને વિકાસની તકો પણ સુનિશ્ચિત થશે.

# કોલકાતા રેપ-મર્ડર કેસ ઉપર પૂર્વ જજોએ ચિંતા વ્યક્ત કરી




કોલકાતા, તા.૨૯

કોલકાતા રેપ-મર્ડર કેસને લઈને દેશમાં આક્રોશ છે. દેશના દરેક ભાગમાં મહિલાઓની સુરક્ષા માટે લોકો રસ્તા ઉપર ઉતરી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. મહિલાઓની સુરક્ષા ઉપર લોકો સતત સવાલો પૂછી રહ્યા છે. આ મામલામાં હવે હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશો અને પૂર્વ બ્યુરોક્રેટ્સ સહિત અનેક અગ્રણી વ્યક્તિઓએ કોલકાતાની પુત્રી માટે ન્યાયની માગ કરી છે. બુધવારે કોલકાતામાં બનેલી ઘટના અંગે તેમણે કહ્યું કે આ ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો છે. પશ્ચિમ બંગાળના નીતિ નિર્માતાઓએ આના ઉપર જલદીથી નિર્ણાયક પગલાં લેવા જોઈએ. લગભગ ત્રણસો ન્યાયાધીશો, ભૂતપૂર્વ અમલદારો, વરિષ્ઠ અધિકારીઓ અને ભૂતપૂર્વ લશ્કરી અધિકારીઓએ આ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે તાલીમાર્થી ડૉક્ટરનો રેપ અને હત્યા એ પશ્ચિમ બંગાળમાં બગડતા સામાજિક-સાંસ્કૃતિક પરિદ્રશ્ય અને મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતા ગંભીર જોખમોની યાદ અપાવે છે. તેમણે કહ્યું કે, આવી ઘટનાઓ સરકારની જવાબદારીની અભાવને છતી કરે છે. તેમણે આ ઘટનાને લઈને રાજ્ય સરકારની કાર્યવાહી પર ઘણા સવાલો ઉઠાવ્યા અને કહ્યું કે શરૂઆતમાં તેને આત્મહત્યા કહેવામાં આવી હતી. પીડિતાના માતા-પિતાને કલાકો સુધી રાહ જોવી પડી હતી. આ મામલામાં એટલી બેદરકારી હતી કે ચોવીસ કલાકમાં ક્રાઈમ સીનથી માત્ર વીસ મીટર દૂર બાંધકામ શરૂ કરી દેવામાં આવ્યું હતું. આ સાથે તેમણે માગ કરી હતી કે આ મામલે વહેલી તકે નિર્ણાયક પગલાં લેવામાં આવે જેથી આરોગ્ય કર્મચારીઓને સલામતીની ખાતરી મળી શકે. ત્રણસો જેટલા બૌદ્ધિકોની સહીવાળા આ નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, તમામ જાતિ અને ધર્મની મહિલાઓની સુરક્ષા માટે નક્કર વ્યવસ્થા કરવામાં આવે. ડોકટરોની સુરક્ષા માટે પેટ્રોલિંગ અને સુરક્ષા કર્મચારીઓ વધારવા જોઈએ. તેમજ સ્ત્રી અને પુરૂષ ડોક્ટરો માટે અલગ-અલગ વોશરૂમ હોવા જોઈએ. ડૉક્ટરના રૂમમાં ઈમરજન્સી અને એસઓએસની વ્યવસ્થા કરવી જોઈએ. સંસ્થાઓના વહીવટી વડાઓના વર્તનની પણ વ્યાપક તપાસ થવી જોઈએ. એટલું જ નહીં, પ્રખ્યાત હસ્તીઓ દ્વારા એવું પણ કહેવામાં આવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં આ કોઈ અલગ ઘટના નથી. છેલ્લા ઘણા વર્ષોથી અહીંના અનેક વિભાગોમાં સતત હિંસા જોવા મળી રહી છે. તેમણે ચૂંટણી દરમિયાન થયેલી હિંસા અંગે પણ અનેક સવાલો ઉઠાવ્યા હતા. આ સાથે રાજયની કાયદો અને વ્યવસ્થા ઉપર અનેક સવાલો ઉઠાવતા તેમણે કહ્યું કે આ મુદ્દે આત્મનિરીક્ષણ અને તાત્કાલિક સુધારાની જરૂર છે.

# સંભવિત જોખમને ધ્યાને રાખી જિલ્લા વહીવટી તંત્રને જરૂરી તમામ આગોતરી તૈયારીઓ કરવા સરકારની સૂચના

અમદાવાદ, તા.૨૯

ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા કરાયેલી ભારેથી અતિભારે વરસાદની આગાહીને ધ્યાને રાખીને મુખ્ય સચિવ રાજકુમારના અધ્યક્ષ સ્થાને સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે રાજ્ય સરકારની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. મુખ્ય સચિવે બેઠકમાં વિવિધ વિભાગના નોડલ અધિકારીઓ અને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયેલા તમામ જિલ્લા કલેકટરો તેમજ મ્યુનિસિપલ કમિશનરોને સંભવિત જોખમ સામે એલર્ટ રહેવા સૂચન કર્યું. હવામાન વિભાગના અધિકારીએ બેઠકમાં આગામી દિવસોમાં રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી બાબતે તમામ જાણકારી આપી હતી. મુખ્ય સચિવે વિવિધ જિલ્લા વહીવટી તંત્રને જરૂરી તમામ આગોતરી તૈયારીઓ કરી લેવા સૂચના આપી હતી અને સાથે જ પ્રવર્તમાન વરસાદની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા અને તાલુકા વહીવટી તંત્રના અધિકારી-કર્મચારીઓને હેડ ક્વાર્ટર ઉપર ફરજ ઉપર હાજર રહેવા માટે પણ સૂચના આપી હતી. રાજ્યમાં અનેક સ્થળોએ ભારે વરસાદથી કોઈ અકસ્માત કે હોનારત ન થાય તે અંગે ખાસ તકેદારી રાખવા મુખ્ય સચિવે જણાવ્યું હતું. આ સાથે જ તમામ પ્રભારી સચિવોને પણ જરૂર જણાય તો પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોતાના જિલ્લામાં હાજર રહીને વહીવટી તંત્રને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવા જણાવ્યું છે. ભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખી આગાહી વાળા જિલ્લાઓમાં ઉર્જા, પશુપાલન, વીજળી, કૃષિ, CWC, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પંચાયત, શહેરી વિકાસ વિભાગ, સિંચાઈ, જી.એમ.બી., સરદાર સરોવર નિગમ, NDRF અને કોસ્ટ ગાર્ડ વગેરે વિભાગોના અધિકારીઓને પણ તકેદારીના પગલા લેવા માટે કહ્યું છે. ત્યારે વરસાદ બંધ થયા બાદ પાણી કોઈ વિસ્તારમાં ભરાઈ ના રહે, રોગચાળો ના ફેલાય, બંધ રોડરસ્તા વહેલી તકે ચાલુ થાય, વીજ પુરવઠો ખોરવાય તો સત્વરે પૂર્વવત થાય, ડેમમાં પાણીની આવક થતાં પાણીની સપાટીનું સતત મોનિટરીંગ થાય, તે તમામ મુદ્દે સંબંધિત વિભાગને જરૂરી કાર્યવાહી કરવા મુખ્ય સચિવે આદેશ આપ્યો હતો. આ ઉપરાંત મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવી અને શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમાર દ્વારા વહીવટી તંત્રને અન્ય સૂચનો આપી, તકેદારી રાખવા જણાવાયું હતું. રાહત કમિશનર આલોકકુમાર પાંડેએ પણ બેઠકમાં હાજર રહેલા તમામ નોડલ અધિકારીઓને પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ તકેદારીના તમામ પગલાં ભરવા જરૂરી જણાવ્યું હતું.

# રાજ્યમાં સતત ભારે વરસાદને લઈ કેન્દ્રીય મંત્રી અમિત શાહે કરી સમીક્ષા

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતમાં ભારે વરસાદને લઈ કેન્દ્રીયગૃહ મંત્રી અમિત શાહે સમિક્ષા બેઠક કરી હતી સાથે-સાથે મુખ્યમંત્રી સાથે ટેલિફોનિક ચર્ચા કરીને ગુજરાતના વરસાદને લઈ માહિતી મેળવી છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે અમિત શાહે વરસાદ પ્રભાવિત વિસ્તારોની સ્થિતિ રાહત બચાવ કામગીરી સહિતના મુદ્દાઓ ઉપર ચર્ચા કરી છે. આ સાથે કેન્દ્ર સરકાર તરફથી તમામ મદદની પણ મુખ્યમંત્રીને તેઓએ ખાતરી આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વધુ ૭ જિલ્લા કલેકટરો સાથે ટેલીફોનીક વાતચીત કરીને તેમના જિલ્લાની વરસાદી પરિસ્થિતિની વિગતો મેળવી હતી. મુખ્યમંત્રીએ સૌરાષ્ટ્ર વિસ્તારના મોરબી, કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર તેમજ દક્ષિણ ગુજરાતના ભરૂચ અને ડાંગના કલેક્ટરનો સંપર્ક સાધીને તેમને વરસાદી સ્થિતિ ઉપર સતત નજર રાખીને લોકોની સલામતી પશુધન રક્ષણ વ્યવસ્થા તેમજ આપદા પ્રબંધન માટે સતર્ક રહેવા સૂચનાઓ આપી હતી. ભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખી આગાહી વાળા જિલ્લાઓમાં ઉર્જા, પશુપાલન, વીજળી, કૃષિ, CWC, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પંચાયત, શહેરી વિકાસ વિભાગ, સિંચાઈ, જી.એમ.બી., સરદાર સરોવર નિગમ, NDRF અને કોસ્ટ ગાર્ડ વગેરે વિભાગોના અધિકારીઓને પણ તકેદારીના પગલા લેવા માટે કહ્યું છે. મુખ્ય સચિવે બેઠકમાં વિવિધ વિભાગના નોડલ અધિકારીઓ અને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયેલા તમામ જિલ્લા કલેકટરો તેમજ મ્યુનિસિપલ કમિશનરોને સંભવિત જોખમ સામે એલર્ટ રહેવા સૂચન કર્યું હતું. હવામાન વિભાગના અધિકારીએ બેઠકમાં આગામી અઠવાડિયા દરમ્યાન રાજયમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી બાબતે તમામ જાણકારી આપી હતી.

# મહારાષ્ટ્ર સરકારે રાજ્યના કર્મચારીઓ માટે યુનિફાઈડ પેન્શન સ્કીમને મંજૂરી આપી




મુંબઈ તા.૨૯

મહારાષ્ટ્ર સરકારે રાજ્યમાં યુનિફાઈડ પેન્શન સ્કીમ (UPS) લાગુ કરવાની જાહેરાત કરી છે. ૨૪ ઓગસ્ટે કેન્દ્ર સરકારે નવી પેન્શન સ્કીમ (NPS)માં સુધારો કરીને UPS લાવી હતી. યુપીએસ ૧ એપ્રિલ, ૨૦૨૫થી લાગુ કરવામાં આવશે. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, જો રાજ્ય સરકારો ઈચ્છે તો તેઓ પણ તેને અપનાવી શકે છે. જે બાદ મહારાષ્ટ્રની શિંદે સરકારે ૨૫ ઓગસ્ટે તેને મંજૂરી આપી હતી. મહારાષ્ટ્ર પોતાના રાજ્યમાં આ કેન્દ્રીય યોજના લાગુ કરનાર પ્રથમ રાજ્ય બન્યું છે. મહારાષ્ટ્ર કેબિનેટના નિર્ણય મુજબ, UPS આ વર્ષે માર્ચથી લાગુ થશે અને તમામ રાજ્ય સરકારી કર્મચારીઓને તેનો લાભ મળશે. મહારાષ્ટ્ર વિધાનસભાનો કાર્યકાળ નવેમ્બરમાં પૂરો થાય છે અને ઓક્ટોબર-નવેમ્બરમાં ચૂંટણી યોજાય તેવી શક્યતા છે. આ યોજના નવી પેન્શન યોજના અને જૂની પેન્શન યોજના (OPS)થી કેવી રીતે અલગ છે તે પ્રશ્ન ઉપર કેન્દ્રીય સચિવાલયમાં OSD ટીવી સોમનાથને જવાબ આપ્યો કે, UPSએ સંપૂર્ણપણે ફાળો આપતી ભંડોળ યોજના છે. (એટલે કે, આમાં પણ કર્મચારીઓએ NPS જેવા મૂળભૂત પગાર + DAના ૧૦% યોગદાન આપવું પડશે.) જ્યારે જૂની પેન્શન યોજના એક અનફન્ડેડ યોગદાન યોજના હતી. (આમાં, કર્મચારીઓએ કોઈપણ પ્રકારનું યોગદાન આપવું પડ્યું ન હતું.) પરંતુ NPSની જેમ, અમે તેને બજારની દયા પર છોડવાને બદલે નિશ્ચિત પેન્શનની ખાતરી આપી છે. UPS OPS અને NPS બંનેના ફાયદાઓને જોડે છે. NPSમાં, કર્મચારીએ તેના મૂળભૂત પગાર + DAના ૧૦% યોગદાન આપવું પડશે અને સરકાર ૧૪% આપે છે. સરકાર હવે આ યોગદાન વધારીને ૧૮.૫% કરશે. કર્મચારીના ૧૦% હિસ્સામાં કોઈ ફેરફાર થશે નહીં. સોમનાથને કહ્યું કે, NPS હેઠળ જે કર્મચારીઓ ૨૦૦૪થી નિવૃત્ત થયા છે અને જેઓ હવેથી માર્ચ ૨૦૨૫ સુધી નિવૃત્ત થશે તેમને પણ તેનો લાભ મળશે. તેઓ ફંડમાંથી પહેલાથી જ મેળવેલા અથવા ઉપાડેલા નાણાંને સમાયોજિત કર્યા પછી ચુકવણી કરવામાં આવશે. જો સરકારનું યોગદાન ૧૪%થી વધારીને ૧૮.૫% કરવામાં આવે તો પ્રથમ વર્ષમાં ૬૨૫૦ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ થશે. આ ખર્ચ દર વર્ષે વધતો રહેશે. હાલમાં, મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેના (શિંદે જૂથ)ની સરકાર છે. તેનો કાર્યકાળ ૨૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ સમાપ્ત થાય છે. અહીં ઓક્ટોબર અથવા નવેમ્બર ૨૦૨૪માં ચૂંટણી યોજાઈ શકે છે. વિપક્ષ મહાવિકાસ આઘાડી આ ચૂંટણીમાં શાસક પક્ષને હટાવવાનો પૂરો પ્રયાસ કરશે.

# આયુષ્માન ભારત યોજનામાં વ્યાપક ફેરફાર કરવા તૈયારી : પુરૂષો માટે રૂા.૧૦ લાખ અને મહિલાઓ માટે રૂા.૧૫ લાખનું વિમા કવચ

નવી દિલ્હી, તા.૨૯

આયુષ્માન ભારત હેઠળ, વીમા કવચને બમણું કરીને રૂ. ૧૦ લાખ અને મહિલાઓ માટે રૂ. ૧૫ લાખ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ખાનગી હોસ્પિટલોના ૪ લાખ બેડ ઉમેરવાની સાથે સાથે લાભાર્થીઓની સંખ્યા ૫૫ કરોડથી વધારીને ૧૦૦ કરોડ કરવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. એનડીએ સરકારના ત્રીજા કાર્યકાળમાં આ યોજનાને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયની મુખ્ય પ્રાથમિકતાઓમાંની એક તરીકે રજૂ કરવામાં આવી છે. ઈન્ડિયન એક્સપ્રેસના રિપોર્ટ અનુસાર, ગ્રુપ ઓફ સેક્રેટરીઝ (GoS) એ આ સ્કીમ ઉપર રિપોર્ટ સબમિટ કર્યો છે. તેને આગામી પાંચ વર્ષ માટેના લક્ષ્યાંકો અને તેમની સિદ્ધિ માટે સમયરેખા નક્કી કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે. સામાજિક ક્ષેત્ર માટેના આરોગ્ય, આયુષ, રમતગમત, સંસ્કળતિ અને શિક્ષણ સહિત નવ મંત્રાલયોનો સમાવેશ થાય છે. ટૂંક સમયમાં કેબિનેટ સચિવ સમક્ષ પ્રેઝન્ટેશન આપવાની શકયતા છે. આયુષ્માન ભારત યોજના નરેન્દ્રભાઈ મોદી સરકારની મુખ્ય આરોગ્ય યોજના છે. તે વિશ્વની સૌથી મોટી યોજના હોવાનું કહેવાય છે. હાલમાં તે ૧૨.૩૪ કરોડ પરિવારોને આવરી લે છે. ૫૫ કરોડ લાભાર્થીઓને તેનો લાભ મળી રહ્યો છે. પરિવાર દીઠ રૂા. ૫ લાખનું વાર્ષિક કવરેજ પૂરૂ પાડે છે. ૩૦ જૂન સુધીમાં ૭.૩૭ કરોડ લોકોએ હોસપિટલોમાં આ યોજનાનો લાભ લીધો હતો. અત્યાર સુધી ૧ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે. ભાજપ આ યોજનાને એનડીએ સરકારની સફળતાની ગાથાઓમાંની એક માને છે અને આ વર્ષે લોકસભા ચૂંટણી માટે પાર્ટીના મેનિફેસ્ટોમાં ૭૦ વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકો સુધી તેનો કવરેજ વિસ્તારવાનું વચન આપવામાં આવ્યું છે.

# ગાઝાના લગભગ ૧૫,૦૦૦ બાળકો તીવ્ર કુપોષણથી પીડિત

(એજન્સી) તા.૨૯

યુનાઈટેડ નેશન્સ અનુસાર, આ વર્ષની શરૂઆતથી ગાઝામાં લગભગ ૧૫,૦૦૦ બાળકો તીવ્ર કુપોષણથી પીડિત હોવાનું નિદાન થયું છે. યુએન માનવતાવાદી કાર્યાલય OCHAએ જણાવ્યું કે તેણે જાન્યુઆરીના મધ્યભાગથી ૨૩૯,૫૮૦ બાળકોની તપાસ કરી હતી, જેના પરિણામે ૬ મહિનાથી ૫ વર્ષની વયના ૧૪,૭૫૦ બાળકોમાં કુપોષણના લક્ષણો જોવા મળ્યા હતા, જેમાં ગંભીર તીવ્ર કુપોષણના ૩,૨૮૮ કેસનો સમાવેશ થાય છે. કમલ અડવાન હોસ્પિટલના ડિરેક્ટરે જણાવ્યું કે, "અત્યાર સુધી અમે લગભગ ૫,૦૦૦ બાળકોની ગણતરી કરી છે. અને એક તૃતીયાંશ કેસમાં કુપોષણના લક્ષણો જોવા મળ્યા છે." તેમણે જણાવ્યું કે આમાંથી એક ક્વાર્ટર કેસો "સઘન સંભાળ માટે સંદર્ભિત નથી" કારણ કે તેઓ "જટીલતાઓ સાથે કુપોષણ તરીકે વર્ગીકૃત" છે. "આ કેસો હવે કમલ અડવાન હોસ્પિટલના કુપોષણ સારવાર વિભાગમાં હાજર છે," તેમણે યુએનના ડબ્લ્યુએચઓના એક વીડિયોમાં જણાવ્યું હતું. ગૂંચવણો સાથેના કેસોના પૂરનો અર્થ એ છે કે આ તે તબક્કો છે જે મૃત્યુ પહેલાં આવે છે. કમલ અડવાન હોસ્પિટલ ઉત્તર ગાઝામાં સ્થિત છે અને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા સમર્થિત કુપોષણ સારવાર કેન્દ્ર ધરાવે છે.

### ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ - ICC ના

# સ્વતંત્ર અધ્યક્ષ તરીકે બિનહરીફ ચૂંટાવા માટે BCCIના સચિવ જયભાઈ શાહને હૃદયપૂર્વક અભિનંદન : સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૯

જયભાઈ ક્રિકેટના વિકાસ અને વહીવટમાં મુખ્ય વ્યક્તિ છે. આઈસીસીના અધ્યક્ષ તરીકે શ્રી જયભાઈની ચૂંટણી તેમના બહોળા અનુભવ અને રમતના ભવિષ્ય માટેના વિઝનને દર્શાવે છે. તરીકે પૂ. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના સચિવ જયભાઈ ખાસ કરીને નવીન શાસન સુધારણા અને સફળ આંતરરાષ્ટ્રીય ભાગીદારી દ્વારા ક્રિકેટના વિકાસને આગળ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. રમતની પહોંચને વિસ્તૃત કરવામાં અને તેની વૈશ્વિક અપીલને વધારવામાં તેમનું નેતૃત્વ નિર્ણાયક રહ્યું છે. ICC અધ્યક્ષ તરીકેની તેમની નવી ભૂમિકામાં, તેઓ ક્રિકેટના વૈશ્વિક વિકાસની દેખરેખ રાખશે, ભાગીદારી વધારવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે, ગવર્નન્સ માળખામાં સુધારો કરશે અને રમતના સ્પર્ધાત્મક સંતુલનને વધારશે. તેમના વિઝનમાં વ્યૂહાત્મક પહેલ દ્વારા ICCના પદચિહ્નને વિસ્તારવા અને સભ્ય બોર્ડ સાથે મજબૂત સંબંધોને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થશે. નિરંજન શાહ, પૂર્વ માન. બીસીસીઆઈના સેક્રેટરીએ કહ્યું, જયભાઈને ખૂબ ખૂબ અભિનંદન. ICC અધ્યક્ષ તરીકેની તેમની ભૂમિકામાં, મને વિશ્વાસ છે કે તેમનું નેતૃત્વ રમત માટે સતત પ્રગતિ અને સકારાત્મક પરિવર્તન લાવશે. ક્રિકેટની વૈશ્વિક પહોંચ વધારવા, સ્પર્ધાત્મક સંતુલનને પ્રોત્સાહન આપવા અને ઉભરતા ક્રિકેટ રાષ્ટ્રોના વિકાસને ટેકો આપવા પર તેમનું ધ્યાન નિઃશંકપણે રમતના ભાવિ પર ઊંડી અસર કરશે.'' સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ જયદેવ શાહે જણાવ્યું હતું કે, જયભાઈ આ પ્રતિષ્ઠિત ભૂમિકા માટે ચૂંટાયા એ તેમના અનુકરણીય નેતૃત્વ, સમર્પણ અને દૂરંદેશીનો પુરાવો છે. તેમનો કાર્યકાળ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ના સચિવને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટના વિકાસમાં પરિવર્તનકારી સુધારાઓ અને નોંધપાત્ર પગલાઓ દ્વારા ચિહ્નિત કરવામાં આવ્યા છે. મને પૂરો વિશ્વાસ છે કે તેમનું નેતૃત્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના વિકસતા લેન્ડસ્કેપ દ્વારા ICCને ચલાવવામાં નિર્ણાયક સાબિત થશે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન જયભાઈ શાહને શુભેચ્છા પાઠવે છે કારણ કે તેઓ આ નવા અધ્યાયની શરૂઆત કરે છે અને ક્રિકેટના ભાવિને ઘડવામાં તેમના નેતૃત્વની રાહ જુએ છે.

# આજે રાષ્ટ્રીય રમત ગમત દિવસ




સુપ્રસિદ્ધ હોકી ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મજયંતિના સન્માન માટે દર વર્ષે ૨૯મી ઓગસ્ટે ભારતમાં રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસનો હેતુ ભારતીય રમતવીરોની સિદ્ધિઓને ઓળખવાનો અને રોજિંદા જીવનમાં શારીરિક પ્રવૃત્તિ અને રમતગમતના મૂલ્યને પ્રોત્સાહન આપવાનો પણ છે. ૨૦૧૨ માં ભારતમાં પ્રથમ રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

રમત અને સ્પોર્ટ્સ શારીરિક ગતિવિધિ છે. જે પ્રતિયોગી સ્વભાવના કૌશલ વિકાસમાં મદદ કરે છે. સામાન્ય રીતે બે કે વધુ સમુહ એક બીજા સાથે મનોરંજન કે ઈનામ પ્રાપ્ત કરવા માટે એકબીજા સાથે પ્રતિસ્પર્ધા કરે છે. મહિલાઓ અને પુરૂષો બંને માટે રમત ગતિવિધિઓને પ્રોત્સાહન આપવાની જરૂર છે.કારણ કે આ એક વ્યક્તિની શારીરિક, માનસિક સ્વાસ્થ્ય, નાણાકીય સ્થિતિને પ્રોત્સાહિત કરે છે.આ નાગરિકોના ચરિત્ર અને સ્વસ્થ્યના નિર્માણ દ્વારા રાષ્ટ્રને મજબૂતી પ્રદાન કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. રમત મનુષ્યના કાર્ય કરવાની રીતમા ગતિ અને સક્રિયતા લાવે છે.

**સ્વાસ્થ્ય, ધન અને રાષ્ટ્રના નિર્માણમાં રમતની ભૂમિકા**

રમતનુ મહત્વ અને ભૂમિકાને કોઈના પણ દ્વારા નજરઅંદાજ કરી શકાતુ નથી. કારણ કે આ હકીકતમાં ખૂબ જ મહત્વપૂર્ણ વિષય છે. લોકો પોતાના વ્યક્તિગત વિકાસ સાથે જ વ્યવસાયિક વિકાસ માટે રમત ગતિવિધિઓમાં સામેલ થઈ શકે છે. આ યુવક અને યુવતીઓ બંને માટે સારા શરીરનુ નિર્માણ કરવા માટે ખૂબ સારુ છે. આ લોકોને માનસિક રૂપે સતર્ક, શારીરિક રૂપથી સક્રિય અને વધુ લાભકારી થઈ શકે છે. તેઓ વધુ અનુશાસિત, સ્વસ્થ, સક્રિય, સમયનિષ્ઠ બની શકે છે અને સહેલાઈથી વ્યક્તિગત અને વ્યવસાયિક જીવનમાં કોઈપણ મુશ્કેલ સ્થિતિનો સામનો કરી શકે છે. રમતમાં નિયમિત રૂપથી સમએલ થવુ સહેલાઈથી ચિંતા, તનાવ અને ગભરાટમાંથી બહાર નીકળવામાં મદદ કરે છે. આ શરીરના અંગોના શારીરિક કાર્યોને શ્રેષ્ઠ બનાવે છે અને આ રીતે આખા શરીરના કાર્યોને સકારાત્મક રૂપથી નિયંત્રિત કરે. આ શરીરના સ્વાસ્થ્યને કાયમ રાખવામાં મદદ કરે છે અને આ રીતે મન કે દિમાગ શાંતિપૂર્ણ, ઝડપી અને સારી એકગ્રતા સાથે સક્રિય રહે છે. આ શરીર અને મનની શક્તિ અને ઉર્જાનુ સ્તર વધારે છે.આ દરેકના નીરસ જીવનમાં એક સારો બ્રેક આપે છે. રમત ઉજવલ વ્યવસાયિક કેરિયર ધરાવે છે તેથી, તેમા રૂચિ રાખનારા યુવાઓને ચિંતા કરવાની જરૂર નથી અને તેમને ફક્ત સંપૂર્ણ લગન સાથે પોતાની આ રૂચિને નિયમિત રાખવાની છે. આ ટીમમાં સહયોગ અને ટીમ નિર્માણની ભાવનાના વિકાસ દ્વારા બધાને ટીમમાં કાર્ય કરવાનુ શીખવાડે છે. રમત પ્રત્યે વધુ ખેંચાવ એક વ્યક્તિ અને એક રાષ્ટ્ર બંનેને સ્વસ્થ અને નાણાકીય રૂપથી વધુ મજબૂત બનાવે છે. તેથી રમતને માતા-પિતા, શિક્ષક અને દેશની સરકાર દ્વારા વધુ પ્રોત્સાહન આપવું જોઈએ

– ડો.જી.આર.ગોહિલ

### ખાનગી એફએમ રેડિયો શરૂ કરવા સરકારની મંજુરી

# દેશમાં ૨૩૪ શહેરોમાં નવા ખાનગી FM રેડિયો શરૂ થશે

## રૂા.૭૮૪.૮૭ કરોડની અંદાજિત અનામત કિંમત સાથે ૭૩૦ ચેનલો માટે આરોહણ ઈ-હરાજીની ત્રીજી બેચ હાથ ધરવાની દરખાસ્તને મંજૂરી

નવી દિલ્હી,તા.૨૯

દેશમાં ખાનગી એફએમ ચેનલોની વધતી જતી લોકપ્રિયતા અનેક ભારતીય ભાષાઓમાં ૩૮૦ થી વધુ અને દેશના મોટાભાગના રાજ્યોમાં લોકોને નીતિઓ અને કાર્યક્રમો વિશે માહિતી આપવા માટે કેન્દ્ર સરકાર માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ખાનગી એફએમ રેડિયોના પ્રથમ તબક્કાની નીતિ અંતર્ગત રૂ.૭૮૪.૮૭ કરોડની અંદાજિત અનામત કિંમત સાથે ૨૩૪ નવા શહેરોમાં ૭૩૦ ચેનલો માટે આરોહણ ઈ-હરાજીની ત્રીજી બેચ હાથ ધરવાની દરખાસ્તને મંજૂરી આપી દીધી છે. નવા ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે, જેમાં ઘણાં મહત્ત્વાકાંક્ષી, એલડબલ્યુઈ અસરગ્રસ્ત અને સરહદી વિસ્તારો સામેલ છે.

રાજ્યવાર શહેરો-નગરોની યાદી અને નવી હરાજી માટે મંજૂર થયેલી ખાનગી એફએમ ચેનલ્સની સંખ્યાને પરિશિષ્ટ તરીકે જોડવામાં આવી છે. મંત્રીમંડળે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ને બાદ કરતાં એફએમ ચેનલની વાર્ષિક લાઈસન્સ ફી (એએલએફ) કુલ આવકના ૪ ટકા તરીકે લેવાની દરખાસ્તને પણ મંજૂરી આપી હતી. આ ૨૩૪ નવા શહેરો/નગરો માટે લાગુ થશે. ૨૩૪ નવા શહેરો/નગરોમાં ખાનગી એફએમ રેડિયો રોલઆઉટ આ શહેરો/કસ્બાઓમાં એફએમ રેડિયોની અવિરત માગને પૂર્ણ કરશે, જે હજુ પણ ખાનગી એફએમ રેડિયો પ્રસારણ દ્વારા ખુલ્લી રાખવામાં આવી છે અને માતૃભાષામાં નવી/સ્થાનિક સામગ્રી લાવશે.

તે રોજગારીની નવી તકોનું સર્જન કરવા, સ્થાનિક બોલી અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા તરફ દોરી જશે તથા 'વોકલ ફોર લોકલ' પહેલો તરફ દોરી જશે. માન્ય થયેલા ઘણાં શહેરો/કસ્બાઓ મહત્વાકાંક્ષી જિલ્લાઓ અને એલડબલ્યુઈ (LWE) અસરગ્રસ્ત વિસ્તારોમાં છે. આ ક્ષેત્રોમાં ખાનગી એફએમ રેડિયોની સ્થાપનાથી આ વિસ્તારોમાં સરકારની પહોંચ વધુ મજબૂત થશે. ૧) એડોનીમાં ૩ ચેનલો, ૨) અનંતપુરમમાં ૩ ચેનલો, ૩) ભીમાવરમમાં ૩ ચેનલો, ૪) ચિલાકાલુરીપેટમાં ૩ ચેનલો, ૫) ચિરાલામાં ૩ ચેનલો, ૬) ચિત્તૂરમાં ૩ ચેનલો, ૭) કુડાપાહમાં ૩ ચેનલો, ૮) ધર્મવરમમાં ૩ ચેનલો, ૯) એલુરુમાં ૩ ચેનલો, ૧૦) ગુંટાકાલમાં ૩ ચેનલો, ૧૧) હિન્દુપુરમાં ૩ ચેનલો, ૧૨) કાકીનાડામાં ૪ ચેનલો, ૧૩) કુર્નૂલમાં ૪ ચેનલો, ૧૪) માચિલીપટ્ટનમમાં ૩ ચેનલો, ૧૫) મદનાપાલેમાં ૩ ચેનલો, ૧૬) નંદ્યાલમાં ૩ ચેનલો, ૧૭) નરસારાઓપેટમાં ૩ ચેનલો, ૧૮) ઓંગોલમાં ૩ ચેનલો, ૧૯) પ્રોદ્દાતુરમાં ૩ ચેનલો, ૨૦) શ્રીકાકુલમ ૩ ચેનલો, ૨૧) તાડપેત્રીમાં ૩ ચેનલો, ૨૨) વિઝિયાનગરમમાં ૩ ચેનલો ઉપલબ્ધ થશે. આસામમાં ૬ નગરમાં ત્રણ ત્રણ ચેનલો ઉપલબ્ધ થશે. બિહારમાં ૧૮ નગરોમાં ત્રણ અને અમુક શહેરોમાં ચાર ચેનલો ઉપલબ્ધ થશે. છત્તીસગઢમાં ત્રણ શહેરોમાં ત્રંણ ત્રણ ચેનલો ઉપલબ્ધ થશે. ગુજરાતમાં ૮ શહરોમાં ત્રણ ત્રણ ચેનલો ઉપલબ્ધ થશે. આ રીતે હરિયાણા, ઝારખંડ, કર્ણાટક, કેરળ, લક્ષદ્વીપ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા, ત્રિપુરા, ઉત્તર પ્રદેશઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ દરેકના શહેરોમાં ત્રણ ત્રણ ચેનલો ઉપલબ્ધ થશે.

### કોડીનાર તાલુકાના ડોળાસા ગામે

# શ્રી કૃષ્ણ જન્મોત્સવ ની ધૂમ વિશાળ શોભાયાત્રા નીકળી : રાત્રે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો



(નિરવ ગઢીયા દ્વારા) ઊના તા.૨૯

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે શ્રી કૃષ્ણ જન્મોત્સવની ધામધૂમ થી ઉજવણી કરવામાં આવી હતી. સમસ્ત ડોળાસા ગામ અને નવાપરા ગ્રુપ દ્વારા શ્રી કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે બેન્ડ વાજા ના તાલે વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જે " હાથી ઘોડા પાલખી જે કનૈયા લાલકી"ની ગુંજ રાસ ગરબા અને અબીલ ગુલાલ ની છોળો સાથે ગામના મુખ્ય માર્ગો ઉપર થી પસાર થઈ હતી. રાત્રે બાર બાર વાગ્યે રામજી મંદિર, રામદેવ પીર મંદિર, વિરાબાપા મંદિર, જલારામ મંદિર સહિત અનેક મંદિરોમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

### હરમનપ્રીત સિંહ રહેશે કેપ્ટન

# એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતની ૧૮ સભ્યોની હોકી ટીમ જાહેર કરાઈ

## ૮ સપ્ટેમ્બરથી ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન ચીનના હુલુનબુઈર, ઈનર મંગોલિયામાં આયોજીત કરાશે

નવી દિલ્હી, તા.૨૯

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૪ ૮ સપ્ટેમ્બરથી ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન ચીનના હુલુનબુઈર, ઈનર મંગોલિયામાં આયોજીત કરાશે. આ ટુર્નામેન્ટ માટે ૧૮ સભ્યોની ભારતીય પુરૂષ હૉકી ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ ટુર્નામેન્ટમાં એશિયાના હૉકી રમતા દેશો ભારત, કોરિયા, મલેશિયા, પાકિસ્તાન, જાપાન અને યજમાન ચીન વચ્ચે સ્પર્ધા થશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતનું નેતૃત્વ મહાન ડ્રેગફ્લિકર હરમનપ્રીત સિંહ કરશે અને અનુભવી મિડફિલ્ડર વિવેક સાગર પ્રસાદ વાઈસ-કેપ્ટન તરીકે જોડાશે. વાસ્તવમાં એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય પુરૂષ હૉકી ટીમની કેપ્ટનશીપ હરમનપ્રીત સિંહ પાસે છે અને વિવેક સાગરને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે.

જાણીતા ગોલકીપર પીઆર શ્રીજેશની નિવૃત્તિ બાદ ગોલકીપર તરીકે કૃષ્ણ બહાદુર પાઠક અને સૂરજ કરકેરા હશે. જ્યારે ડિફેન્સમાં જરમનપ્રીત સિંહ, અમિત રોહિદાસ, હરમનપ્રીત સિંહ, જુગરાજ સિંહ, સંજય અને સુમિતનો સમાવેશ થાય છે.

રાજકુમાર પાલ, નીલકાંત શર્મા, મનપ્રીત સિંહ અને મોહમ્મદ રાહિલ મિડફિલ્ડમાં જોવા મળશે, જ્યારે અભિષેક, સુખજિત સિંહ, અરિજિત સિંહ હુંદલ, ઉત્તમ સિંહ અને પ્રથમ વખત ટીમમાં સામેલ કરાયેલા ગુરજોત સિંહ યુવા ફોરવર્ડ લાઈનમાં જોવા મળશે.

નોંધનીય છે કે પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિક ગેમ્સની બ્રોન્ઝ મેડલ વિજેતા ટીમના દસ ખેલાડીઓને આ ટીમમાં સામેલ કરાયા છે જ્યારે પાંચ ખેલાડીઓને આરામ આપવામાં આવ્યો છે, જેમાં હાર્દિક સિંહ, મનદીપ સિંહ, લલિત ઉપાધ્યાય, શમશેર સિંહ અને ગુરજંત સિંહનો સમાવેશ થાય છે. મુખ્ય કોચ ક્રેગ ફુલ્ટને કહ્યું કે અમારા માટે આ એક મહત્વપૂર્ણ અભિયાન છે જેથી અમે અમારા રેંકિંગ પોઈન્ટ વધારી શકીએ. છેલ્લાં કેટલાંક અઠવાડિયાં ખરેખર શાનદાર રહ્યાં છે અને અમને તમામનો પ્રેમ અને પ્રશંસા મળી છે અને અમે આશા રાખીએ છીએ કે અમારા ભાવિ અભિયાનોમાં પણ આ સમર્થન ચાલુ રહેશે. ભારતીય ટીમ તેના અભિયાનની શરૂઆત ૮ સપ્ટેમ્બરે ચીન સામેની મેચથી કરશે. આ પછી ૯ સપ્ટેમ્બરે જાપાન સામે મેચ રમાશે. બાદમાં તેઓ ૧૧ સપ્ટેમ્બરે મલેશિયા અને ૧૨ સપ્ટેમ્બરે કોરિયા સામે રમશે. જ્યારે ભારત પાકિસ્તાન સામે ૧૪ સપ્ટેમ્બરે રમશે. ટુનામેન્ટની સેમિફાઈનલ અને ફાઈનલ અનુક્રમે ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે રમાશે.

ભારતીય પુરૂષ હૉકી ટીમ

ગોલકીપર્સઃ કૃષ્ણ બહાદુર પાઠક, સૂરજ કરકેરા

ડિફેન્ડર્સઃ જર્મનપ્રીત સિંહ, અમિત રોહિદાસ, હરમનપ્રીત સિંહ (કેપ્ટન), જગરાજ સિંહ, સંજય, સુમિત

મિડફિલ્ડર્સઃ રાજ કુમાર પાલ, નીલકાંત શર્મા, વિવેક સાગર પ્રસાદ (વાઈસ કેપ્ટન), મનપ્રીત સિંહ, મોહમ્મદ રાસીલ મૂસીન

ફોરવર્ડઃ અભિષેક, સુખજિત સિંહ, અરેજિત સિંહ હુંદલ, ઉત્તમ સિંહ, ગુરજોત સિંહ

### કેન્દ્ર સરકાર વધુ એક નિર્ણય લેવાની તૈયારીમાં

# સરકાર ખાદ્યતેલોની આયાત ડ્યુટીમાં વધારો કરી શકે છે

નવી દિલ્હી, તા.૨૯

મધ્યપ્રદેશના વેપારીઓના દબાણમાં કેન્દ્ર સરકાર વધુ એક નિર્ણય બદલી શકે છે. કેન્દ્ર સરકાર હવે ખાદ્યતેલોની આયાત પર ડ્યુટીમાં વધારો કરી શકે છે. જેના કારણે તહેવાર પહેલા ખાદ્યતેલના ભાવમાં વધારો જોવા મળી શકે છે. અગાઉ, રાજ્યના વેપારીઓના દબાણમાં, સરકારે કાબુલી ચણા પરની સ્ટોક મર્યાદા દૂર કરવાનો નિર્ણય લીધો હતો.

કેન્દ્રીય કૃષિ મંત્રાલયે ખાદ્યતેલો પરની આયાત જકાત વધારવાનું પણ સૂચન કર્યું છે. મંત્રાલયે તેની પાછળનું કારણ સ્વદેશી તેલિબિયાં ઉત્પાદકોના હિતોનું રક્ષણ કરવાનું જણાવ્યું છે. હાલમાં જ સોયાબીન પ્રોસેસર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (SOPA)ના અધ્યક્ષ ડેવિસ જૈન દિલ્હી પહોંચ્યા હતા. તેઓ અહીં કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણને મળ્યા હતા. સંગઠન લાંબા સમયથી આયાતી તેલ પર ડ્યુટી વધારવાની માગ કરી રહી છે.

એસોસિએશનનું કહેવું છે કે, આનાથી ખેડૂતો તેમના ઉત્પાદનોની લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) મેળવી શકશે અને સ્વદેશી તેલ ઉદ્યોગને વેગ મળશે. હાલમાં ક્રૂડ પામ ઓઈલ, સોયાબીન ઓઈલ અને ક્રૂડ સનફ્લાવર ઓઈલ પર ૫.૫ ટકા આયાત ડ્યુટી લાગુ છે. જેમાં સેસ પણ સામેલ છે. તેવી જ રીતે, રિફાઈન્ડ ખાદ્ય તેલ પર ૧૩.૭૫ ટકા કસ્ટમ ડ્યુટી લાગુ છે. મધ્યપ્રદેશમાં ખેડૂતો સોયાબિનના ઘટતા ભાવથી નારાજ છે. ખેડૂતોનું માનવું છે કે જ્યાં સુધી કસ્ટમ ડ્યુટીમાં વધારો નહીં થાય ત્યાં સુધી તેલિબિયાંનું ઉત્પાદન વધારવા ખેડૂતોને પ્રોત્સાહન મળશે નહીં. અગાઉ રાજ્યના વેપારીઓની માગ પર કાબુલી ચણા પરની સ્ટોક લિમિટ દૂર કરવામાં આવી હતી. હવે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં રૂ. ૬૮૦૦ કરોડના રાષ્ટ્રીય તેલિબિયાં મિશનની જાહેરાત કરે તેવી અપેક્ષા છે. આવી સ્થિતિમાં સરકાર સ્થાનિક ઉત્પાદનના સારા ભાવ મેળવવા માટે આયાત ડ્યૂટી વધારી શકે છે.

# ઉનામાં જૂની દેના બેંક અને સૌરાષ્ટ્ર લોજ અતિ જર્જરિત






(નિરવ ગઢીયા દ્વારા) ઊના તા.૨૯

ઉનામાં ગોરધનનાથની હવેલી પાસે જૂની દેના બેંકને વાસા ચોક માં સૌરાષ્ટ્ર લોજ ભાગ અતિ જર્જરીત હાલતમાં છે. ગોવર્ધનનાથની હવેલીમાં વૈષ્ણવ દર્શન કરવા આવતા હોય જુની દેના બેક્ર આવેલી હતી બંધ હાલતમાં હોય જર્જરીત છે. વહેલાસર કામગીરી થાય લોકોની માંગણી ઉઠી છે તંત્ર વહેલીતકે કામગીરી કરે તેવી લોકોની માંગણી ઉઠી છે. હાલ પણ કેટલાક દુકાનો ધરાવે છે અને દુકાનોમાં આવતા ગ્રાહકો ઉપર અને દુકાનદારો ઉપર પોપડા પડતા હોય છે. જેથી આ વિસ્તારમાં ભારે ભીડની અવરજવર રહેતી હોય છે માટે આ કામ વહેલાસર કામગીરી થાય તેવી માગણી ઉઠી છે. બજારમાં જૂના કોમ્પલેક્ષની તપાસ કરી તેની સામે યોગ્ય પગલાં લે તેવી માંગ ઉઠી છે.

# માંગરોળનાં શીતળા માતાના મંદિરે મેળો ભરાયો



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૨૯

માંગરોળ ખાતે ૭૦૦ વર્ષ જુનું પૌરાણિક શીતળામાતાના મંદિર ખાતે દર વર્ષે શીતળા સાતમને દિવસે મીની મેળો ભરાય છે અને સમગ્ર હિન્દુ સમાજના લોકો અહી શ્રધ્ધા પૂર્વક દર્શન કરવા માટે આવે છે. હિન્દૂ ગૃહિણીઓએ રાંધણ છઠને દિવસે થેપલા, પુરી, મિઠાઈ બનાવેલ હોય તે તથા કુલેર, નારિયેળ ધરાવે છે અને ખાસ નાના બાળકને પગે લાગાડી સદા નિરોગી રહે તેવી પ્રાર્થના કરે છે કોઈને માતાજી નિકળે તો માતાજી પાસે નમાવવા આવે છે.

### જય કનૈયા લાલકી હાથી ઘોડા પાલખી નંગ ઘેર આનંદ ભયો જઈ જશોદા મૈયા લાલ કી

# આખું ઉના શહેર શ્રી કૃષ્ણના નારા સાથે ગુંજી ઉઠ્યું



(નિરવ ગઢીયા દ્વારા)

ઊના તા. ૨૯

ઉના શહેરમાં હિન્દુ ધર્મનો અતિ પવિત્ર તહેવાર શ્રી કૃષ્ણ જન્મોત્સવ જન્માષ્ટમી નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, તમામ સંસ્થાઓ અને સમસ્ત હિન્દુ સમાજ દ્વારા રામજી મંદિરમાં ગોવર્ધન પર્વત, મથુરાની જેલમાં કૃષ્ણ જન્મની ઝાંખીઓ અને ઉના શહેરની જન્માષ્ટમીના રોજ સવારે બાલકૃષ્ણ હવેલીથી મુખ્ય બજારો અને દેવ સ્થાનો ઉપર મટકી ઓ બાંધી કૃષ્ણ ગોવાળિયાઓ ડીજેના તાલ સાથે ૨૦ થી ૨૫ જગ્યાઓ ઉપર મટકી ફોડ કાર્યક્રમ કરવા માં આવ્યો હતો. ઉના શહેર પોલીસ સ્ટાફ પીઆઈ રાણા એ પણ ચાલુ વરસાદમાં ખડે પગે ઊભા રહ્યા હતા. ઉના શહેરના વેપારી મિત્રો મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. દર વર્ષેની જેમ આ વર્ષે પણ જન્માષ્ટમી ઉત્સવ ધામધૂમથી ઊજવાયો હતો.

# વેરાવળ સીટી પોલીસે ભારે વરસાદની આગાહીને લઈ શહેરીજનો સાથે મીટીંગ યોજી



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૯

જૂનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા વિભાગીય પોલીસ અધિકારી વી.આર.ખેંગારનાઓ દ્વારા હાલમાં સમગ્ર રાજયમાં ભારે વરસાદની આગાહી હોય જેથી જીલ્લામાં ભારે વરસાદને પરિણામે જાન-માલને નુકશાન ન થાય તથા શહેરના લોકોને આગમચેતી સાવચેત કરવા તે અંગે તકેદારી રૂપે જરૂરી પેટ્રોલીંગ રાખવા તેમજ અનિચ્છનિય બનાવ બન્યે તાત્કાલીક બચાવ કામગીરી કરવા સુચના કરવામાં આવેલ હોય તે અનુસંધાને ગઈકાલે વેરાવળ સીટી પોલીસ ઈન્સપેક્ટર એચ.આર.ગોસ્વામી નાઓ તથા ચોકી ઈન્ચાર્જ પી.એસ.આઈ. શ્રી કે.એન. મુછાળ દ્વારા વેરાવળ પોલીસ સ્ટેશનની ભાલકા પોલીસ ચોકી ખાતે શહેરીજનો/ આગેવાનોને બોલાવી ભારે વરસાદની આગાહી સબબ સાવચેતીના ભાગેરૂપે મીંટીંગ યોજવામાં આવેલ અને સદર મીંટીંગમાં હાજર શહેરીજનો/ આગેવાનોને ભારે વરસાદની આગાહિ સુચનો કરાયા હતા. જેમાં ચાલુ વરસાદમાં વુક્ષ કે વીજપોલ નીચે ઉભા રહેવાનુ ટાળવુ, નદી-નાળા-દરિયા કે વધુ પાણી ભરાયેલા સ્થળોએ નાહવા કે તરવા જવુ નહિ., માછીમારોએ દરિયો ખેડવા જવુ નખી. તેમજ દરિયો ખેડવા ગયેલ માછીમારોને નજીકના બંદરે બોટ રાખી દેવા આગેવાનોએ સમજ કરવી., કામ શિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળવુ, જીવન જરૂરીયાતની ચિજવસ્તુઓ હાથવગી રાખવી., વધુ વરસાદના કારણે પુર જેવી પરિસ્થીતી કે પાણી ભરાવવાની પરિસ્થીતી થયે તાત્કાલીક કંટ્રોલરૂમ કે પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો. અને તંત્ર દ્વારા સલામત સ્થળે સ્થાળતંર કરવામાં આવે તો તંત્રને સહકાર આપવો., ભારે વરસાદ કે પવનની કોઈ પણ પરિસ્થીતીમાં બનાવ બન્યે તાત્કાલીક વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ટેલીફોન નં.- ૦૨૮૭૬ ૨૨૦૦૦૩ તથા ૧૦૦ અથવા ૧૧૨ નંબર પર સંપર્ક કરવો. પોલીસ નાગરિકોની સેવામાં રાત-દિવસ જોયા વગર સતત હાજર રહેશે.

# ઉના પંથકમાં રાવલ ડેમ અને મચ્છુન્દ્રિ ડેમ સતત ત્રીજા દિવેસ પણ ઓવર ફલો નદીઓમાં ઘોડાપુર


(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨૯

ઊના શહેર અને તાલુકામાં મેઘ રાજા ધીમી ધારે પવન સાથે વરસાદના ઝાપટાં વરસી રહયા છે ગઈકાલે સાંજ સુધીમાં ૯ મી.મી. વરસાદ વરસી જતા મોસમનો કુલ વરસાદ ૫૯૯ મી.મી. એટલે ૨૪ ઈંચ થયો છે. ગ્રામ્ય પંથકમાં ૧૨ કલાક દરમ્યાન એક ઈંચ વરસાદ વરસ્યો હતો. ઊના ગીર ગઢડા તાલુકા અને દીવ ઘોઘલા વિસ્તારમાં પીવાનુ પાણી પૂરૂં પાડતા રાવલ ડેમ ગઈકાલે સતત ત્રીજા દિવસે પણ પાણીની આવક ૪૫૬૭ ક્યુસેક મીટરની હોય ડેમની સપાટી ૧૮.૭૦ મીટર જાળવી રાખવા ડેમના બે દરવાજા બે ફૂટ ખોલવામાં આવ્યા છે. હાલ ડેમ ૯૭, ૨૮ટકા ભરેલ છે પાણી ની આવક સામે જાવક ૪૫૬૭ક્યુસેક હોય રાવલ નદી મા પુર આવેલ છે.

ઊના અને ગીર ગઢડા તાલુકાને પીવાનુ અને સિંચાઈનું પાણી પૂરું પાડતા કોદીયા ગામની સીમ માં આવેલ મચ્છુન્દ્રિ ડેમ સતત ત્રીજા દિવસે પણ ઉપર વાસ વરસાદ ની કારણે પાણી ની આવક આવતા ડેમ પુરે પુરો ભરાઈ અને ૨૦ સે.મી ઓવર ફલો થઈ રહીયો છે જેને કારણે મચ્છુન્દ્રિ નદી મા પુર આવેલ છે કોદીયા થી નવાબંદર સુધી નદી બે કાઠે વહે છે. ડેમ ઉપર ગઈકાલે ૫૬મી.મી. વરસાદ વરસી ગયો છે મોસમ નો કુલ ૯૭૬મી.મી. ૩૯ ઈંચ નોંધાયો છે.

# શ્રાવણ માસની એકાદશી નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ દાદાને પ્યોર સિલ્કના વાઘા અને આલ્કોહોલ વગરના અત્તર-પરફ્યુમનો દિવ્ય શણગાર



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૨૯

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પણ શ્રાવણ મહિનાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે આજે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી પ્રેરણા અને કોઠારીશ્રી વિવેકસાગર સ્વામિના માર્ગદર્શનથી શ્રાવણ માસ ભવ્ય મહોત્સવ અંતર્ગત તા. ૨૯-૦૮-૨૦૨૪ને ગુરુવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને એકાદશી નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ દાદાને વિવિધ પ્રકારના આલ્કોહોલ વગરના અત્તાર/પરફયુમનો દિવ્ય શણગાર કરી સવારે ૦૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા - અથાણાવાળા દ્વારા કરવામાં આવેલ. આજે દાદાને પહેરાવાયેલા વાઘા વિશે કોઠારી સ્વામીએ જણાવ્યું કે, તો આજે દાદાને વિશેષ વાઘા પહેરાવામાં આવ્યા છે. દાદાના આ સફેદ રંગના વાઘા પ્યોર સિલ્કના કાપડના છે. આ વાઘા વૃંદાવનમાં બનાવડાવવામાં આવ્યા છે. જેમાં જરદોશી વર્ક કરાયું છે. આ સાથે વાઘામાં ફુલ અને વેલની ડિઝાઈન પણ છે. આજે શ્રાવણ મહિનાની એકાદશી નિમિત્તે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને આલ્કોહોલ વગરના અત્તર અને પર્ફ્યૂમનો શણગાર કરાયો છે. શણગાર માટે ૧૨૦૦થી વધુ અત્તર-પર્ફ્યુમ લંડન, દુબઈ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને ભારતના અલગ-અલગ રાજ્યમાંથી મંગાવ્યા છે. સિંહાસને શણગાર કરતાં ૪ કલાકનો સમય લાગ્યો છે. અત્તર અને પર્ફ્યૂમનું કલેક્શન કરતાં ૬ મહિના જેટલો સમય લાગ્યો હતો. આ પછી અલગ-અલગ મંદિરમાં ઠાકોરજી માટે મોકલી આપવામાં આવશે. શ્રાવણ માસ દરમિયાન શ્રી હનુમાન ચાલીસા પાઠ અનુષ્ઠાનનુ આયોજન કરવામાં આવેલ. તેમજ શ્રીહરિ મંદિરમાં દિવ્ય હિંડોળાના તેમજ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

# માંગરોળ ચંદવાણાના એસટી કડંકટરને એટેક આવતા મોત



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૨૯

માંગરોળ એસટી ડેપોમાં ફરજ બજાવતા ૩૦ વર્ષીય યુવક સિધ્ધરાજ ચુડાસમાને એટેક આવતા મોત નીપજ્યું હતું. આ બનાવની જાણવા મળતી વિગતો એવી છે કે માંગરોળ તાલુકાના ચંદવાણા ગામે રહેતા અને માંગરોળ એસટી ડેપોમાં કંડકટર તરીકે ફરજ બજાવતા ૩૦ વર્ષીય દલીત યુવક સવારે ચંદવાણાથી માંગરોળ આવવા રવાના થયેલ ત્યારે તેમને રસ્તામાં એક વોમિટ થયેલી. પરંતુ તેનાથી યુવકને એમ લાગ્યું કે હવે હું એકદમ ફ્રેશ થઈ ગયો એમ માની પોતાની ફરજ મા લાગી ગયા. માંગરોળ અમરેલી રૂટની બસમાં ટિકિટ કપાવાની કામગીરી શરૂ પણ કરી દીધેલ એ દરમિયાન તેમને છાતીમાં દુઃખાવો ઉપડા તેમણે ડોક્ટર્સને બતાવવું ઉચીત માની ને માંગરોળની સરકારી હોસ્પિટલમાં દોડી ગયેલ. પરંતુ ત્યાં તેમની તપાસમાં બધું બરાબર લાગતા ફરી તેઓ એસટી બસ સ્ટેશન તરફ જવા રવાના થયેલ પરંતુ ફરી રસ્તામાં ટાવર નજીક છાતીમાં દુઃખાવો ઉપાડતા માંગરોળની અધ્યારૂ હોસ્પિટલમાં દોડી ગયા હતા. જયા તેઓ હોસ્પિટલના કેશ કાઉન્ટર પર ઉભા હતા ત્યાં ફરીવાર સ્ટોક આવતા પોતાની ડોકી ડાળી દીધેલી. ઉપસ્થિત સ્ટાફે તાત્કાલિક તેમને ઉપાડી સારવાર શરૂ કરી દીધી પરંતુ યુવકે દમ તોડી દીધો હતો. હોસ્પિટલના તબીબે મૃત જાહેર કર્યાની જાણ થતાં દલીત સમાજના આગેવાનો અને એસટી કર્મચારીઓ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા.

# માંગરોળ બંદરે બોટમાં યાંત્રીક ખામી સર્જાતા અકસ્માતમાં ત્રણ હતભાગી માછીમારોનાં મૃતદેહ મળ્યા



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૯

માંગરોળ બંદરે ગઈકાલે પરત ફરી રહેલી બોટમાં યાંત્રિક ખામી સર્જાયા બાદ મોજાની થપાટથી કિનારે ચઢી જતાં લાપતા બનેલા પિતા, પુત્ર સહિત ત્રણ હતભાગી માછીમારોના આજે મૃતદેહ મળી આવતા ગમગીની પ્રસરી ગઈ છે. માછીમારીની સિઝનના પ્રારંભે જ સર્જાયેલી કરૂણાંતિકામાં ચાર માછીમારોના મોતથી અરેરાટી પ્રસરી જવા પામી છે. અત્રેથી સાતેક દિવસ પહેલા ફિશિંગમાં નીકળેલી જય ચામુંડા બોટ માછીમારી કરીને સંભવિત આગામી તા.૧૦ના રોજ પરત ફરવાની હતી. પરંતુ ખરાબ હવામાનને પગલે દરીયામાં રહેલી બોટોને પરત બોલાવવાની ફરજ પડતા આ બોટ પણ કાંઠે આવી રહી હતી. જ્યાં બંદર નજીક આવતા જ એકાએક મશીન બંધ પડી જતાં મોજાની થપાટ લાગતા કિનારે ચઢી ગઈ હતી. દરમ્યાન બોટમાં સવાર કુલ આઠ પૈકી રોનક વિપુલ માછી (રહે. ઉંમરગામ), વિપુલ કાશીરામ માછી (રહે. વલસાડ) તથા રોનક બારકયા રાજડ (રહે. તલસરી, મહારાષ્ટ્ર) દરીયામાં પડી ગયા હતા. જ્યારે ચાર ખલાસીઓનો બચાવ થયો હતો અને એકનો મૃતદેહ મળી આવ્યો હતો. લાપતા બનેલા ત્રણેય ખલાસીઓની શોધખોળ કરાઈ હતી. પરંતુ મોડી સાંજ સુધી તેઓ મળી આવ્યા ન હતા. દરમ્યાન આજે સવારથી જ મોટી સંખ્યામાં માછીમારો, આગેવાનોએ દરીયાકાંઠે શોધખોળ કરતા પાણીમાં બે મૃતદેહો તરતા હોવાનું નજરે પડ્યું હતું.

જેને બહાર લાવતા તે રોનક માછી અને વિપુલ માછી હોવાનું સ્પષ્ટ થયું હતું. ત્યારબાદ આજે સાંજે રોશન બારકયાનો પણ મૃતદેહ મળી આવ્યો હતો. ત્રણેય મૃતકોના પી.એમ. બાદ તેમના મૃતદેહો તેઓના વતન પહોંચાડવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ભારે વરસાદને કારણે રાજકોટ રેલવે ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોને અસર

## રેલવે તંત્રે મુસાફરો માટે બસો અને ફૂડ પેકેટની વ્યવસ્થા કરી



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૯

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન અને વડોદરા ડિવિઝનમાં ભારે વરસાદ અને પાણી ભરાવાને કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક વધુ ટ્રેનોને અસર થઈ છે. રાજકોટ ડિવિઝન ના ભીમરાણા-દ્વારકા-ગોરીંઝા સેક્શનમાં ભારે વરસાદ અને પાણી ભરાવાને કારણે ઘણી ટ્રેનો ખંભાળિયા ખાતે શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી હતી. આવી કપરી પરિસ્થિતિમાં મુસાફરોને મદદરૂપ થવા માટે રેલવે પ્રશાસન દ્વારા સ્થાનીય પ્રશાસનની મદદથી જયપુર-ઓખા એકસપ્રેસ, ભાવનગર-ઓખા એક્સપ્રેસ અને મુંબઈ સેન્ટ્રલ-ઓખા સૌરાષ્ટ્ર મેલના મુસાફરો માટે કુલ ૧૫ બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં ખંભાળિયાથી ૯ અને દ્વારકાથી ૬ બસો દોડાવવામાં આવી હતી જેમાંથી ૧૦૧૦ જેટલા મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાને લઈ જવામાં આવ્યા હતા. ઉપરાંત રેલવે પ્રશાસન દ્વારા ખંભાળિયા સ્ટેશન પર મુસાફરોને ફૂડ પેકેટ અને દ્વારકા સ્ટેશન પર મુસાફરોને ફ્રુટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# દ્વારકા નગરપાલિકા દ્વારા આવળપરા વિસ્તારમાંથી ૧૫ લોકોનું રેસ્ક્યુ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદ પડી રહ્યો છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકોની સલામતીને ધ્યાનમાં રાખી સતત કામગીરી કરવામાં આવી રહી છે. દ્વારકા ખાતે પડેલા ભારે વરસાદને પગલે આવળપરા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હોવાની સ્થાનિક તંત્રને જાણ થતાં પ્રાંત અધિકારી હિતેશ ભગોરાના માર્ગદર્શન હેઠળ નગરપાલિકા દ્વારા ૧૫ જેટલા નાગરિકોનું રેસ્કયુ કરવામાં આવ્યું છે અને તમામને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

# દ્વારકાના દરિયામાં ફસાયેલા ૧૩ માછીમારોનું ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા રેસ્કયું કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૯

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ ભારે વરસાદ વરસી રહ્યો છે. લોકોના જાન માલનું રક્ષણ કરવા જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ, માર્ગ અને મકાન, ફાયર સહિતના વિભાગો ખડેપગે ફરજ બજાવી રહ્યા છે. ત્યારે દ્વારકાના દરિયામાં ૧૩ જેટલા માછીમારો ફસાયા હોવાની જિલ્લા વહીવટી તંત્રને જાણ થતાં ઈન્ડિયન કોસ્ટ ગાર્ડની મદદ લઈ માછીમારોનું બોટ સાથે રેસ્ક્યુ કરી ઓખા બંદર ઉપર સલામત રીતે ખસેડવામાં આવ્યા છે.

# દ્વારકાની ગોમતી નદીના ઘાટો ભારે વરસાદમાં ડૂબ્યા



(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૨૯

દ્વારકા શહેરમાં છેલ્લા ચોવીસ કલાકમાં ૧૨ ઈંચ જેટલો વરસાદ વરસી જતાં શહેરના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં આ સાથે સમુદ્ર સાથે જોડાયેલી ગોમતી નદીમાં પણ વ્યાપક વરસાદને લીધે સમુદ્રમાં જોવા મળતાં કરંટને લીધે તેમજ વ્યાપક વરસાદથી ગોમતી નદીના તમામ ૧૬ ઘાટો તેમજ નવા ગોમતી ઘાટો ઉપર વરસાદી પાણી ફરી વળ્યા હતા. દ્વારકાના ગોમતી ઘાટ ઉપર આવેલ શ્રી કૃષ્ણ મંદિરમાં પણ કમરડુબ પાણી ભરાયાં હતાં

# કથાકાર ગિરધરભાઈ જોષી (જોગી) તથા તેમની ટીમ દ્વારા ફેલાવાતી સેવાની સુગંધ



જૂનાગઢ તા.૨૯

દ્વારકા પંથકમાં સતત વરસાદના કારણે લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે ત્યારે મુકતાનંદબાપુના આશિર્વાદથી પક્ષીતિર્થ દ્વારકા ખાતે ટીમ રાહત કામગીરી જોડાઈ અસરગ્રસ્ત લોકોને ખીચડી શાક સહિતની વ્યવસ્થાઓ કરી રહી છે. કથાકાર ગિરધરભાઈ જોષી (જોગી) તથા તેમની ટિમ દ્વારા માનવ સેવાનું ખૂબ સુંદર કાર્ય કરી રહી છે. હાલની અતિવૃષ્ટિમાં અસરગ્રસ્ત લોકો કે જેને ચૂલો પણ પ્રગટાવી શકે નહીં તેવા લોકોને જમાડી અને જઠરાગ્નિ સેવાભાવી યુવાનોએ ઠારી હતી.

# જૂનાગઢના સલીમભાઈ સાંધને એએસઆઈ તરીકે પ્રમોશન મળ્યું



જૂનાગઢ તા.૨૯

છેલ્લા ઘણા વર્ષો થી પોલીસ વિભાગ માં સેવા આપી ખૂબ જ ઈમાનદાર થી પોતાની ફરજ બજાવી રહેલ પોલીસ જવાન સલીમભાઈ હાજીભાઈ સાંધને આસી.પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે પ્રમોશન આપી બિરદાવેલ છે.

આ અંગે ની મળતી માહિતી અનુસાર મૂળ જૂનાગઢ ના વતની અને વર્ષો થી ગીર-સોમનાથ, પોરબંદર તેમજ જૂનાગઢ જિલ્લા માં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવી રહેલ સલીમભાઈ સાંધ ની કુશળ અને જાંબાઝ કામગીરી તેમજ તેમની ગુના-ડિટેક્સન સૂઝ થી હંમેશા ઉચ્ચ અધિકારીઓની ગુડ બુક માં રહેલ, તેમજ ખાસ કરીને વેરાવળ અને પ્રભાસ પાટણ વિસ્તારમાં કોવિડ જેવા કપરા સમયમાં પણ લોકો વચ્ચે રહી લોકોને જરૂરી તમામ મદદ કરી સામાન્ય માણસમાં ખૂબ જ મોટી લોક-ચાહના ધરાવનાર સલીમભાઈ સાંધને પશ્ચિમ ભુજ એસ.પી.એ પ્રમોશન આપી બિરદાવેલ છે, અને હાલ તેઓ ભુજ પોલીસમાં ફરજ બજાવી રહેલ છે. આ તકે તેમના શુભેચ્છકો તેમજ સહકર્મીઓ દ્વારા અભિનંદન પાઠવવા માં આવી રહેલ છે.

# વંથલીના ધણફુલીયા ગામેથી રહેણાંક મકાનમાંથી જુગારધામ ઝડપાયું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

વંથલી તાલુકાના ધણફુલીયા ગામે ચાલતા જુગારધામ પર વંથલી પોલીસે દરોડો પાડતા ૯ જુગારીઓને ૫.૮૪ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ધણફુલીયા ગામે રહેતા કિશોરભાઈ રણજીતભાઈ કોળીના રહેણાંક મકાને જુગારધામ ચાલતું હોવાની બાતમીના આધારે વંથલી પોલીસે દરોડો પાડતા મકાન માલીક સહિત સાગર ધારશી સોલંકી, સંજય મનસુખ સાબરીયા, મહેશ ધારશી મકવાણા, પ્રેમભાઈ કાન્તીલાલ પરમાર, જયેશ મનસુખ સાબરીયા, ગરીબદાસ તુલસીદાસ દાણીદારીયા, પારસ લીલાભાઈ મકવાણા, જગદીશ ધારશી સોલંકીને રૂા.૩૩૬૧૦ રોકડ, ૭ મોબાઈલ, ૧ મોટર સાયકલ, ૧ કાર સહિત કુલ ૫,૮૪,૧૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જુગારધારા ૪, ૫ મુજબ કાર્યવાહી કરી છે.

માંગરોળના મેણેજ ગામેથી જાહેરમાં જુગાર રમતા ૪ ઝડપાયા

માંગરોળના મેણેજ ગામેથી ૪ જુગારીઓને જાહેરમાં જુગાર રમતા માંગરોળ પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ પોલીસે મેણેજ ગામેથી જાહેરમાં જુગાર રમતા કિરણસિંહ જોરૂભા પરમાર, પ્રફુલભાઈ રામભાઈ ચુડાસમા, દિલીપસિંહ કનકસિંહ રાઠોડ અને ઉમેદગીરી મોહનગીરી મેઘનાથીને ૧૦૫૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **મલેક ઈરફાન યુનુસભાઈ** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **કુરેશી ઈરફાનભાઈ યુનુસભાઈ** રાખેલ છે. હવેથી હું મારા નવા નામે ઓળખાઈશ. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**કુરેશી ઈરફાનભાઈ યુનુસભાઈ**

જીતેન્દ્ર એપાર્ટમેન્ટની બાજુમાં, જનાના હોસ્પિટલ રોડ, ચિતાખાના રોડ, જૂનાગઢ-૩૬૨૦01

# ગીર પંથકમાં સિંહોનો જીવ બચાવવા ગીર સ્પીડ મોનીટરિંગ સિસ્ટમ પ્રોજેક્ટ લાગુ કરાયો

## માર્ગ પરની ગતિવિધીઓ પર હાઈ ટેક કેમેરા અને કંટ્રોલ રૂમ દ્વારા નજર રખાશે



જૂનાગઢ,તા.૨૯

જૂનાગઢના ગીર પંથકમાં વન વિભાગ દ્વારા નવતર પ્રયોગ કરાયો છે. અહીં સિંહોનો જીવ બચાવવા માટે ગીર સ્પીડ મોનીટરિંગ સિસ્ટમ પ્રોજેક્ટ લાગુ કરાયો છે. ગીર સ્પીડ મોનીટરિંગ સિસ્ટમ અંતર્ગત અધ્યતન કેમેરા અને કંટ્રોલ રૂમ તૈયાર કરાયો છે. મેંદરડાથી સાસણ રોડ **(S.H. 26)** પર આ પ્રોજેક્ટ શરૂ કરાયો છે. જે મુસાફરોના વાહનોની ગતિ મર્યાદા ૩૦ **km** રાખવા મદદરૂપ સાબિત થશે. વન્ય જીવોનાં સરક્ષણ માટે આ પ્રોજેક્ટ મહત્વનો સાબિત થઈ શકે છે. ગીર પંથકના માર્ગ પરની ગતિવિધીઓ પર હાઈ ટેક કેમેરા અને કંટ્રોલ રૂમ દ્વારા નજર રખાશે. મેંદરડાથી સાસણ સુધીના રાજ્ય ધોરી માર્ગ પર નવી સિસ્ટમ કામ કરતી જોવા મળશે. જેમાં સેન્સર આધારિત કેમેરાનો ઉપયોગ કરીને માર્ગ પર કોઈ વન્ય પ્રાણીની હાજરી છે કે કેમ તેની માહિતી આપવામાં આવશે. માર્ગ પર લગાવવામાં આવેલા કેમેરાના દ્રશ્યો માર્ગ પર જ ઉપલબ્ધ **LCD** ટીવી મારફતે જોઈ શકાશે. દરેક વાહનને સ્પીડ માટે સૂચિત કરવામાં આવશે. વાહનને ગતિ મર્યાદામાં ચલાવવા માટે પણ દિશા-નિર્દેશો સતત વિડીયો મારફતે મળી રહેશે. આ ઉપરાંત જે વાહનો મર્યાદા કરતા વધુ સ્પીડમાં ગાડી હંકારશે તો તેમના પર કાર્યવાહી પણ કરવામાં આવશે. વાહનના રજિસ્ટ્રેશન નંબર પરથી કાર્યવાહી કરવામાં આવશે. આ સિસ્ટમ માત્ર દિવસે જ નહિ, રાત્રે પણ કાર્યરત રહેશે. સિસ્ટમમાં નાઈટ વિઝન કેમેરા પણ ફીટ કરવામાં આવ્યા છે. જે રાતના અંધારામાં રસ્તા પરથી પસાર થતા વન્ય પ્રાણીની હાજરીની માહિતી આપશે. આ માટે **LCD** માં ડિસ્પ્લે કરી શકાય તેવા કેમેરા ગોઠવવામાં આવ્યા છે. પ્રાણીઓને શોધવા માટે અધતન થર્મલ ઓપ્ટિકલ કેમેરાનો ઉપયોગ થઈ રહ્યો છે. આ સમગ્ર સિસ્ટમ સેન્સર આધારિત હોવાથી ખૂબ જ ઝડપથી વન્ય જીવની હાજરી પારખીને વાહનચાલકોની અમર્યાદિત ગતિવિધિને પણ તુરંત રોકી શકવામાં મદદ મળશે.

# ગિરનાર પર ભારે પવન ફુંકાતા વીજ પોલ ધરાશાયી





જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ ગીરનાર પર્વત ઉપર ગઈકાલે ભારે પવન ફુંકાતા વાવાઝોડા જેવી સ્થિતી સર્જાઈ હતી. ગઈકાલે ભારે પવન ફૂંકાતા સાંજના સમયે વીજના પોલ ધરાશાયી થતા કેટલીક જગ્યાએ વાયર નીચે પડી ગયા હતા. ગઈકાલે સાંજના સમયે ભારે પવન ફૂંકાતા ગિરનાર પર આવેલ નાની મોટી દુકાનોના છાપરા, પતરા સહિતની વસ્તુઓ ઉડી ગઈ હતી.

# જૂનાગઢ બહાઉદ્દીન કોલેજ ખાતે વૃક્ષ ધરાશાયી થયું




જૂનાગઢ તા.૨૯

હાલ સમગ્ર જૂનાગઢ સહીત સમગ્ર ગુજરાતમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસી રહયો છે. ત્યારે અકસ્માતનાં અનેક બનાવો બનવા પામે છે તેમજ વાહનો સ્લીપ થવાનાં પણ અનેક બનાવો નોંધાયા છે. ભારે પવન અને વરસાદનાં કારણે અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ બનેલ હતી. ગઈકાલે જૂનાગઢના બહાઉદ્દીન સાયન્સ કોલેજ કમ્પાઉન્ડમાં પણ એક વૃક્ષ ધરાશાયી થયો હતો. બહાઉદીન કોલેજમા સદનસીબે ગઈકાલે રજા હોવાથી કોઈ મોટી દુર્ઘટના થતી અટકી હતી.

# એસટી બસમાં ફરજ બજાવતી મહિલા કંડક્ટરોની ઉમદા કામગીરી : મુસાફર જનતામાં થઈ રહેલી સરાહના





જૂનાગઢ તા.૨૯

એસ.ટી.ની બસમાં ફરજ બજાવતી મહિલા કંડક્ટરોની ઉમદા કામગીરીની મુસાફર જનતામાં ભારે સરાહના થઈ રહી છે અને વખાણમાં લાયક કામગીરી બિરદાવવામાં પણ આવી રહી છે.

ગુજરાત સરકારનો મહત્વનો નિગમ ગણાતા એસટી નિગમની બસોમાં કંડકટર ડ્રાઈઈવરથી લઈ વિવિધ વિભાગોમાં પુરૂષ કર્મચારી ફરજ બજાવે છે આ દરેક વિભાગના કર્મચારીઓને કામગીરી સારી અને શ્રેષ્ઠ રહી છે જ અને જેના કારણે એસટી નિગમની બસ સેવા વધુને વધુ લોક ભોગીયા બની રહી છે છેલ્લા એક દસકા ઉપરાંત થી એસટીની બસમાં કંડકટર તરીકે મહિલા કર્મચારીની નિમણૂક થયેલી છે અને મહિલા કંડક્ટરો પણ હાલ ખૂબ જ સારી ફરજ બજાવી રહ્યા છે. જે તે સમયે એટલે કે એકાદ દસકા પહેલા એસટી નિગમ દ્વારા કંડકટર તરીકે મહિલાની ભરતી કરવામાં આવી ત્યારે બસમાં મહિલા કંડક્ટરોને જોઈ લોકોમાં ભારે આશ્ચર્ય પણ થયું હતું કે લે..બસમાં તો કંડકટર તરીકે મહિલા છે પરંતુ સમય જતા લગભગ દર ૧૦ બસે મહિલા હોવાનું આજે સામાન્ય બની ગયું છે અને કંડકટર તરીકે ફરજ બજાવતી મહિલા કંડકટરના વિવેકપૂર્ણ વ્યવહારથી મુસાફર જનતા અભિભૂત થાય છે.

મહિલા કંડક્ટરને ઘણી કપરી ફરજ બજાવવાની હોય છે ખાસ કરીને મુસાફર પાસે ટિકિટ બુકિંગ, રિઝર્વેશન ટિકિટ ની સીટ ખાલી કરાવવી, મુસાફરોને જે તે બસ એક્સપ્રેસ છે કે નોન સ્ટોપ કયા કયા ઉભી રહેશે કેટલો સ્ટોપ છે અને જે તે સ્ટોપ આવે તે પહેલા જ મુસાફરને તેમનું ઠેકાણું આવી ગયું છે તે મતલબની ચેતવણી આપવી અને આ બધા જ કામોની સાથે બસ ઉપડતી વખતે કોઈ મુસાફર રહી નથી ગયા ને કોઈની વસ્તુ ભુલાય નથી ગઈ ને મુસાફરને બાકી નીકળતા પૈસા પરત આપાઈ ગયા આવી કામગીરી બજાવી પડે છે અને સાથે બસ ચલાવતા ડ્રાઈવરને પણ રોડ ક્રોસ કરતી વખતે પાછળ આવતા વાહનોને સંઘના આપવી જેવા કામો પણ કરવા પડતા હોય છે તમે પણ ક્યારેક માર્ક કરજો કેમ બસમાં કંડકટર તરીકે ફરજ બજાવતી મહિલા કંડકટર હસતા મુખે આ આ બધી જ ફરજો ખૂબ જ સારી રીતે બજાવે છે તાજેતરમાં રાજકોટ થી જુનાગઢ આવતી બસના એક મહિલા મૂસાફરે મહિલા કંડકટરની કામગીરીની ખૂબ જ નજીકથી નિહાળી છે અને તેની સરાહના પણ કરી છે ટૂંકમાં કહેવાનો મતલબ એ જ કે એસ.ટી.ની બચાવમાં ફરજ બજાતા પુરૂષ કંડકટર ડ્રાઈવરની કામગીરી શ્રેષ્ઠ રહિ છે ત્યારે આ સાથે જ હવે તો દરેક બસમાં ફરજ બજાતી મહિલા કંડક્ટરોની કામગીરી પણ વખાણવાલાયક અને શ્રેષ્ઠ રહી છે જેની મુસાફર જનતામાં ભારે સરાહના થઈ રહી છે.






# ઘેડ પંથકના અનેક રસ્તાઓ બંધ, વરસાદથી કુલ ૩૬ ગામો સંપર્ક કપાતા ભારે હાલાકી

## વંથલીના બે , માણાવદરના ૧૫ , કેશોદના ૬ અને માંગરોળના ૧૩ ગામ સંપર્ક વિહોણા બન્યા :૨૪ કલાકથી વધુ સમયથી સ્ટેટ હાઈવે બંધ

જૂનાગઢ,તા.૨૯

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ ગુજરાત રાજયમાં વાતાવરણ વિશે આગાહી કરવામાં આવી છે. જેમાં આગામી બે દિવસ હજુ પણ ગુજરાત રાજ્ય માટે ભારે રહેશે તેમાં પણ ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓ માટે આગામી ૪૮થી ૭૨ કલાક અત્યંત ભારે વરસાદની સંભાવના છે.

જૂનાગઢમાં સતત બે દિવસથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. અવિરત મેઘવર્ષાથી ઘેડ પંથકમાં જળબંબાકાર થતું જોવા મળી રહ્યું છે. ભારે વરસાદથી કુલ ૩૬ ગામ સંપર્ક વિહોણા થયા છે. જેમાં વંથલીના બે , માણાવદર ના ૧૫ , કેશોદના ૬ અને માંગરોળ ના ૧૩ ગામ સંપર્ક વિહોણા બન્યા છે. હજુ પણ વરસાદની પરિસ્થિતિ અણનમ છે. વરસાદ જો વધારે તીવ્રતા વધશે તો હજુ પણ આ સ્થિતિ વણસી શકે તેમ છે. માણાવદર પંથકમાં ધોધમાર વરસાદને લીધે માણાવદર પોરબંદર હાઈવે બંધ થયો છે સરાડીયા ગામ પાસે પાણી ભરાઈ જતા ૨૪ કલાકથી વધુ સમયથી સ્ટેટ હાઈવે બંધ થયો છે જેથી વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

ભારે વરસાદથી ઘેડ પંથકના અનેક રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે હજારો એકર ખેતીની જમીન પાણીમાં ગરકાવ થઈ છે અને ખેડૂતોએ ફરીથી વાવેલો પાક પણ નષ્ટ થયો છે. થોડા સમય પહેલા આજે વધારે પાણી ભરાઈ જવાથી ખેતરોમાં રહેલો પાક ખરાબ થઈ ગયો હતો એટલે ખેડૂતોએ ફરીથી પાકનું વાવેતર કર્યું હતું પરંતુ તે પાક પણ વધારે વરસાદથી નષ્ટ થયો છે તેથી ઘેડ પંથકમાં ચોમાસાના ખેડૂતોના બચી ગયેલા પાકને વધુ નુકસાન થવાની પણ સંભાવના છે.

વંથલીના આખા અને સેદરડા ગામ, માણાવદરના થાપલા વેકરી કોડવાવ ભીંડોરા ગણા વડા સમેગા ઈન્દ્રા પીપલાણા સરાડીયા દેશીગા ચીખલોદરા પાદરડી અને મટીયાણા ગામનો સંપર્ક કપાયો છે. આ સિવાય કેશોદનું મઢડા, મુડીયાસા, બામણાસા, અખોદડ, સરોડ , અને બાલાગામનો સંપર્ક તુટ્યો છે. જ્યારે માંગરોળનું લાંગડ, ફુલરામાં, મીતિ, લંબોરા, ચોટીલી વિડી ઓસા, ઘોડદર, સાંઢા, સરમા, બગસરા ઘેડ, ભાથરોટ, હન્ટરપુર ગામ સંપર્ક વિહોણા બન્યા છે.

# વંથલી નજીક થયેલ અકસ્માતમાં કાર ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

વંથલી નજીક ચારેક દિવસ અગાઉ અકસ્માતમાં ત્રણ યુવકોનો ભોગ લેવાયા હતા જેમાં અકસ્માત સર્જનાર કાર ચાલક વિરૂધ્ધ વંથલી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે સાજીદભાઈ અલીભાઈ પલેજાએ કાર નં.જીજે-૦૩-એનકે-૬૭૮૫ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાના હવાલાવાળી કાર બેફીકરાઈથી પુરઝડપે ચલાવી ફરીયાદીના ભાઈની રીક્ષાને પાછળથી ટકકર મારી રીક્ષા ચાલક ફરીયાદીના ભાઈ સમીરભાઈ તેમજ રીક્ષામાં બેસેલ રમણીકભાઈ બોઘાભાઈ વખેસા, પ્રવીણભાઈ દેવશીભાઈ મકવાણાનું મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.